# ઈદે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم

## કુર્આન હદીષની રોશનીમાં

:: લેખક ::

**અલ્લામા મુહમ્મદ સઈદ અહમદ મુજદ્દિદી**

:: અનુવાદક ::

**મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી**

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૨૧૨ આવૃત્તિ–૧ પ્રત : ૪૫૦૦
૧૦–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૬ ડિસેમ્બર–૨૦૧૪


# અનુક્રમણિકા


- **પ્રકાશકના બે બોલ.......** તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) 04
- કુર્આનની રોશનીમાં દિવસ મનાવવાનું મહત્વ 09
- હદીષોની રોશનીમાં દિવસ મનાવવું અને એના ફાયદા 12
- હુઝૂર ﷺની વિલાદત પર ખુશી મનાવવાથી કાફિરને પણ ફાયદો થાય છે 12
- મીલાદ અને કુર્આન 15
- મીલાદુન્નબી ﷺ અને હદીષ 17
- ખુદ હુઝૂર ﷺએ પોતાની મીલાદ મનાવી 17
- સહાબાએ કિ઼રામ પણ હુઝૂર ﷺની મીલાદ મનાવતા હતા 20
- મીલાદ મનાવવું હમેશાંથી ઉમ્મતના મહાન બુર્ઝુગોનો અમલ રહ્યો છે 22
- મીલાદ વિશે ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہનું ફર્માન 22
- હઝરત પીર મહર અલી શાહ رحمۃ اللہ علیہ ગોલળવીનો ફત્વો 23
- દેવબંદી ઉલ્માના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہનો ફૈસલો 23
- મીલાદ વિશે હઝરત શૈખ અબ્દુલ્હક્ક઼ મુહ઼દ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہનો અક઼ીદો તથા અમલ 23
- કુત્બુલ વાસિલીન હઝરત શાહ અહમદ સઈદ નક઼શબંદી દહેલ્વી رحمۃ اللہ علیہનું ફર્માન 25

- યૌમે વિલાદત (જન્મ દિવસ) અને
  યૌમે વિસાલ (વફાત દિવસ)ની તેહક઼ીક઼ 27
- રસૂલુલ્લાહ ﷺની વફાત ૧ રબીઉલ અવ્વલે થઈ 29
- રસૂલુલ્લાહ ﷺની વફાત ૨ રબીઉલ થઈ 30
- રસૂલુલ્લાહ ﷺની વફાત ૧૦ રબીઉલ અવ્વલે થઈ 31
- રસૂલુલ્લાહ ﷺની વફાત ૧૨ રબીઉલ અવ્વલે થઈ 31
- ૧૨ રબીઉલ અવ્વલ વિસાલનો દિવસ નથી 33
- ૧૨ રબીઉલ અવ્વલ વિલાદતની તારીખ હોવા
  વિશે હવાલા 34
- હઝરત ઈમામ બયહક઼ી, ઈમામ કુસ્તલાની અને
  મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના કથનો 34
- મુસ્લિમ શરીફની એક હદીષ જુઓ ! 35
- અહલે હદીષના મોલ્વીઓ નજીક વિલાદતની તારીખ
  ૧૨ રબીઉલ અવ્વલ છે 38
- દેવબંદી મૌલ્વીઓના નજીક વિલાદતની તારીખ
  ૮ અથવા ૧૨ રબીઉલ અવ્વલ છે 38
- યવમે વિલાદતને યવમે ઈદ કહેવું દુરૂસ્ત છે 41
- મેહફિલે મીલાદની અસલ હૈસિયત 44
- મુબાહ અને મુસ્તહબ બાબતો 50
- નાપસંદીદા બાબતો 51

# પ્રકાશકના બે બોલ...





نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلیَّ اللّٰهُ تَعَالیٰ عَلَيۡكَ وَسَلَّمَ

## ઈદે મીલાદનો મુન્કિર
## મુનાફિક઼ જ હશો !

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !**

આપણા પ્યારા આક઼ા નબીએ કરીમ, અલ્લાહના પ્યારા મહબૂબ ﷺના જન્મ દિવસને ઈદે મીલાદુન્નબી ﷺ તરીકે મનાવવો એ ઈમાનવાળાઓનું કામ છે અને તેનાથી ચીઢ કરવી એ દિલમાં નિફ઼ાક઼ હોવાની નિશાની છે. પ્રસ્તુત કિતાબમાં કુર્આન, હદીષ, સહાબાના કથનો તથા અમલો અને ઉલમાએ એહલે સુન્નતના કથનો તથા અમલોથી ઈદે મીલાદુન્નબી ﷺનું મહત્વ દર્શાવ્યું છે તથા તેને મનાવવું જાઈઝ અને સવાબ તથા બરકતોનો

સબબ હોવા વિશે વિગતે વર્ણન છે જે એક ઈમાનવાળાની રૂહને ખુશ કરી આપે છે, ગુમરાહીમાં અટવાયેલાને સહી માર્ગ સૂચવે છે.

અત્રે અમે એ દર્શાવવા ચાહીએ છીએ કે અરબસ્તાનમાં જ્યારે હાલની બદઅક઼ીદાવાળી સઊદી નજદી વહાબી હુકૂમતના આગમન પહેલાં વરસોથી કેવી રીતે ઈદે મીલાદ મનાવાતી હતી તેમજ વહાબી દેવબંદી ધર્મની પેદાઈશ પહેલાં મક્કા મેઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરાના મુફ્તીઓના શું ફત્વા હતા તેને વાંચો અને ઈમાનને તાજુ કરો.

## ★ ઈદે મીલાદુન્નબી વિશે મક્કા મદીનાના મુફ્તીઓના ફત્વા ★

''નીચેના મસ્અલામાં આપનો શો આદેશ છે કે પેદાઈશે મુસ્તફાનો ઝિક્ર કરવો અને વિલાદતના ઝિક્રની વખતે ક઼િયામ કરવો એ રીતે કે એમાં દિવસની નિશ્ચિતતા, મકાનની સજાવટ, ખુશ્બુનો ઉપયોગ, કુર્આનની કોઈ સૂરતની તિલાવત અને મુસલમાનોના માટે ખાવાનો બંદોબસ્ત પણ હોય. શું આવા સ્વરૂપમાં મીલાદની મેહફિલ ગોઠવવી જાઈઝ છે ? અને તેની ગોઠવણ કરનાર સવાબનો હક્કદાર થશે કે નહીં ? વર્ણન કરશો, અલ્લાહ તઆલા બેહતર બદલો આપે.

આ પ્રશ્ન પર **મક્કા મુકર્રમાના મુફ્તિયાને એઝામ** તથા ઉલમાએ કેબારે નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

**અર્થાત** : ''નિઃશંક ! આ ઉપર જણાવેલ સ્વરૂપમાં મીલાદ શરીફનો મા'મૂલ અતિશય પસંદીદા અને મુસ્તહબ છે એટલા માટે ઉલમાએ મુતક઼દ્દેમીન (આગલા)એ પણ એને મુસ્તહસન કહ્યું અને

વિલાદતે મુબારકાના ઝિક્ર વખતે ક઼યામ પણ મુસ્તહસન છે અને તેનો મુન્કિર (નકારનાર) બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત)માં સપડાયેલો છે. કેમ કે તે એવી ચીજનો મુન્કિર છે જે અલ્લાહ તઆલા અને જમહૂર મુસલમાનો નજીક મુસ્તહસન છે. અષર ઈબ્ને મસ્ઊદમાં છે કે **મુસલમાનો જે ચીજને પસંદ કરે તે અલ્લાહ તઆલાની નજીક પણ પસંદીદા છે** અને આ સ્થાને **મુસલમાનોથી મુરાદ બાઅમલ ઉલમાએ કિરામ** છે.

અને અરબ, મિસ્ર, સીરિયા, રોમ અને ઉન્દલુસ (સ્પેન)ના તમામ ઉલમાએ કિરામે એને બુઝુર્ગોના કાળથી આજ સુધી મુસ્તહસન જ કહેલ છે, જેથી આ રીતે એના પર **ઉમ્મતનો ઈજમાઅ** થઈ ગયો. જેથી મીલાદની મેહફિલ ગોઠવવી નિઃશંક ! હક્ક છે.

નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉમ્મત કદી ગુમરાહી પર એકમત થશે નહીં **જેથી શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે તેના મુન્કિરને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે."

આ ફત્વા પર મક્કા મુકર્રમાના ચારેવ મઝહબના ૪૨ મુફતીઓની સહીઓ છે.

હવે નીચે બરાબર આ જ પ્રમાણે ઉપરોક્ત પ્રશ્ન પર **મદીના મુનવ્વરાના મુફ્તિયાને કિરામ**નો સર્વસમંતિવાળો ફત્વો જોઈ લો :–

"મીલાદ શરીફમાં જે ચીજોની વ્યવસ્થા કરવામાં આવે છે, દા.ત. સદક઼ા ખૈરાત આપવા, સારાં ભોજનો તથા મીઠાઈ વગેરે વહેંચવી, રસૂલે કરીમ ﷺ ના ઝિક્ર તથા તિલાવતના સમયે ક઼િયામ કરવો, ગુલાબનો છંટકાવ કરવો, અગરબત્તીઓ સળગાવવી, મકાનને

શણગારવું, કુર્આને અઝીમની આયતોની તિલાવત કરવી, નબી કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામ પઢવી અને ખુશી આનંદને ભરપુર રીતે પ્રદર્શિત કરવું, કશીય શંકા વિના આ અતિશય પસંદીદા અને અજ્ર તથા ફઝીલતવાળી ચીજ છે. **તેનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરશે.** તેની વાત પર કદી પણ ધ્યાન ધરવામાં ન આવે. બલ્કે **ઈસ્લામના હાકિમ પર લાઝિમ છે કે તેને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

આ ફત્વા પર મદીના મુનવ્વરાના ૩૦ ઉલમાએ કિરામ અને મુફતિયાને એઝામની મોહરો લાગેલી છે. **જિદ્દાના મુફતીઓ**એ મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીના પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

"ઉપર જણાવ્યાનુસારના સ્વરૂપમાં મેહફિલે મીલાદની ગોઠવણ કરવી શરીઅતની રૂએ બિદઅતે હસના (સારી બિદઅત) અને મુસ્તહબ છે. **તેના મુન્કિરના દિલમાં યક઼ીનન ! નબી કરીમ ﷺ થી નિફાક઼ તથા કીનો અને અદાવત છે.** તેનાથી ઈન્કારની શક્યતા કઈ રીતે જાઈઝ રાખી શકાય છે જ્યારે કે ઈર્શાદે ઈલાહી છે કે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ દિલોની પરહેઝગારી છે."

આ ફત્વા પર જિદ્દા શરીફના દસ મુફતિયાને કિરામની મોહરો અને સમર્થનમાં સહીઓ છે. **જદીદાના મુફતીઓ**એ એ જ ઉપરોક્ત સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો :–

"ઉપરોક્ત ચીજોની વ્યવસ્થા સાથે મીલાદ શરીફ પઢવી ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે અને એની ગોઠવણ કરનાર સવાબનો હક્કદારનો છે. ઉલમાએ આ વિષય પર મજબૂત કિતાબો લખી

છે અને એને ગોઠવવા પ્રોત્સાહન આપ્યું છે તેમજ તેમણે ફર્માવ્યું કે **એનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરી શકે છે. શરીઅતના હાકિમ પર જરૂરી છે કે મીલાદના મુન્કિરને સજા આપે.''**

આ ફત્વા પર જદીદા શરીફના ૧૨ મુફ્તિયાને કિરામની મોહરો તથા સહીઓ છે. હિજાઝ મુકદ્દસના આ ફત્વાઓની રોશનીમાં મેહફિલે મીલાદના જાઈઝ તથા મુસ્તહબ હોવાનો હુકમ ૧૪ મીના ચાંદની જેમ રોશન તથા મુનવ્વર થઈ ગયો. તેમ છતાં પણ કોઈ કલ્મો પઢનારો સંતોષ ન પામે તો તેણે પોતાની ઈમાની હાલત પર વિચાર કરવો જોઈએ કે યકીનન ! તેનું દિલ રસૂલુલ્લાહ ﷺ ની પ્રતિ મુનાફિકત અને ઉઘાડી દુશ્મનીમાં સપડાયું છે. *(હવાલો : ભારતખંડમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો, લેખક : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી–મુબારકપુર)*


સર્વ મુફતીઓના હુકમોનો સાર એ છે કે મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે ''ઉમ્મતનો ઈજમાઅ'' છે, એના મુન્કિરને શરીઅતનો હાકિમ સજા આપે, તેનો ઈન્કાર કરનાર જ બિદઅતી છે, તેનો મુન્કિર દિલમાં નબી ﷺ થી નિફાક઼ (મુનાફિક઼પણુ), કીનો તથા દુશ્મની અને અદાવત ધરાવનાર છે..... વગેરે. હવે તમને ખુદાએ બુધ્ધિ આપી છે તો ઈન્સાફથી વિચારશો કે સદીઓ પહેલાંના ઉલમાનો મઝહબ સાચો કે બાદમાં નવા જન્મેલા વહાબી દેવબંદી ધર્મના મોલ્વીઓ સાચા ?! અલ્લાહ દરેકને સાચી સમજ આપે.

آمین بجاه النبی الکریم علیه افضل الصلوٰة و التسلیم

**–પટેલ શબ્બીર અલી રઝવી**

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

તારીખ : ૬/૧૨/૨૦૧૪, શનિવાર, ૧૩ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૬



نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

## કુર્આનની રોશનીમાં દિવસ મનાવવાનું મહત્વ

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**وَذَكِّرْهُمْ بِاَيَّامِ اللّٰهِ...الخ** ''અને તેમને અલ્લાહના દિવસો યાદ અપાવે.'' *(સૂ. ઈબ્રાહીમ ૧૩/૫)*

આ આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلام ને હુકમ આપ્યો કે બની ઈસ્રાઈલને તે દિવસ યાદ અપાવો જેમાં અલ્લાહ તઆલાએ તેમના પર નેઅમતો ઉતારી.

જાણવા મળ્યુ કે નેઅમતો મળવાના દિવસોને યાદગાર રૂપે મનાવવું અલ્લાહ તઆલાનો હુકમ છે. આમ તો દરેક દિવસ અને રાત્રીને અલ્લાહ તઆલાએ જ પેદા કરેલ છે પરંતુ જોવાનું એ છે કે આ આયતમાં જે દિવસોને વિશેષ રીતે યાદ અપાવવાનો હુકમ આપવામાં આવ્યો છે તે ક્યા દિવસો છે ?

મુફસ્સિરીને કિરામે ફર્માવ્યું કે اَيَّامُ اللّٰهِ "અય્યામુલ્લાહ"થી મુરાદ તે દિવસો છે જેમાં અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ ઉપર ઈન્આમ ફર્માવ્યાં. *(તફસીરે ઈબ્ને અબ્બાસ, ઈબ્ને જરીર, ખાઝિન, મદારિક વગેરે)*

કોઈ પણ મુસલમાન એ વાતથી ઈન્કાર નહીં કરી શકે કે હુઝૂર સરવરે કાએનાત ﷺ સર્વ જહાનો માટે માટે રહમત પણ છે અને નેઅમત પણ છે.

આપ ﷺ રહમત છે તેની દલીલ તો આ આયત છે :–

وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ "અને અમે તમને બધાય જગત રહમત (બનાવીને) મોકલ્યા છે." *(સૂ. અંબિયા, ૧૭/૧૦૭)*

આપ ﷺ નેઅમત છે તેની દલીલ આ આયત છે :–

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ بَدَّلُوۡا نِعۡمَتَ اللّٰهِ كُفۡرًا. "શું તમે તેમને જોયા નહીં જેમણે અલ્લાહની નેઅમત નાશુકરીમાં બદલી નાખી." *(સૂ. ઈબ્રાહીમ, ૧૩/૨૮)*

આ આયતની તફસીરમાં સય્યદોના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે :– نِعۡمَةُ اللّٰهِ مُحَمَّدٌ صَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ "અલ્લાહની નેઅતમતથી મુરાદ હઝરત મુહમ્મદ ﷺ છે."

જ્યારે સાબિત થયું કે આપ રહમત પણ છે અને નેઅમત પણ છે તો અલ્લાહની રહમત અને અલ્લાહની નેઅમત પ્રાપ્ત થવાના એ દિવસોમાં અલ્લાહનો શુક્ર અદા કરવો, ખુશી વ્યક્ત કરવી અને લોકોને એ દિવસની મહાનતા અને ઈતિહાસથી વાકેફ કરવા અને યાદ મનાવવી પણ કુર્આનથી સાબિત છે.

જુઓ !........

★ પ્રથમ આયત ★

قُلْ بِفَضْلِ اللّٰهِ وَ بِرَحْمَتِهٖ فَبِذَالِكَ فَلْيَفْرَحُوْا هُوَ خَيْرٌمِّمَّا يَجْمَعُوْنَ۔

"તમે ફર્માવો ! અલ્લાહની જ કૃપા અને તેની જ મહેરબાની (અને) એના પર જ હર્ષ કરવો જોઈએ તેમના બધા જ ધન દોલતથી છે." *(સૂ.યુનૂસ, ૧૧/૫૮)*

આ આયતમાં ફઝ્લ અને રહમત પ્રાપ્ત થવા પર ખુશી મનાવવા અને માલ ખર્ચ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

★ બીજી આયત ★

وَاَمَّابِنِعْمَةِرَبِّكَ فَحَدِّثْ۔ "અને પોતાના રબની નેઅમતનો ખૂબ ઉલ્લેખ કરો."*(સૂરએ વદુહા, ૩૦/૧૧)*

આ આયતમાં અલ્લાહની નેઅમતનું ઝિક્ર (વર્ણન) આમ કરવાનો અને ખૂબ ચર્ચા કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

★ ત્રીજી આયત ★

وَاذْكُرُوْانِعْمَةَاللّٰهِ عَلَيْكُمْ۔ "અને યાદ કરો અલ્લાહનું એહસાન પોતાના પર." *(સૂ. માએદહ, ૬/૭)*

જ્યારે હુઝૂર ﷺ નિઃશક ! અલ્લાહની નેઅમત છે તો આપ ﷺની વિલાદતનું સામૂહિક રીતે અથવા અલગ અલગ વર્ણન કરવું કુર્આનથી સાબિત થયું અને આ જ અમલનું નામ મેહફિલે મીલાદ છે.

બેહમ્દિહી તઆલા ઉપરોક્ત આયતોથી એ વાત ખૂબ જ સ્પષ્ટ થઈ ગઈ કે રહમતો અને નેઅમતો મળવાના દિવસો અલ્લાહના ખાસ દિવસો છે માટે એ દિવસોની યાદ મનાવવી

બિલ્કુલ અલ્લાહના હુકમ પ્રમાણે છે એટલા માટે નેઅમત મળવા પર તેનો ચર્ચો કરવો જોઈએ. એ પણ સાબિત થયું કે રહમત મળવા પર ખુશી મનાવવી અને માલ ખર્ચ કરવો જોઈએ અને એ પણ કે હુઝૂર ﷺ અલ્લાહની સર્વ રહમતોમાં સૌથી મોટી રહમત અને સર્વ નેઅમતમાં સૌથી ઉત્તમ નેઅમત છે.

માટે આપ ﷺની પૈદાઈશ (મીલાદ)નો દિવસ મનાવવો અને તે દિવસે દરેક જાઈઝ ખુશી વ્યક્ત કરવી કુર્આનના આદેશાને બિલ્કુલ મુતાબિક છે. મહબૂબે ખુદા ﷺની આમદ પર જેટલીયે ખુશી મનાવવામાં આવે તે ઓછી છે અને કુર્આનના આદેશો પર અમલ કરવો બિદઅત નથી બરકત છે.

## હદીષોની રોશનીમાં દિવસ મનાવવું અને એના ફાયદા

### ★ હુઝૂર ﷺની વિલાદત પર ખુશી મનાવવાથી કાફિરને પણ ફાયદો થાય છે ★

**પહેલી હદીષ** : બુખારી શરીફમાં છે :–

فَلَمَّامَاتَ اَبُوْلَهَبٍ اُرِيَهٗ بَعْضُ اَهْلِهٖ بِشَرِّحِيْبَةٍقَالَ لَهٗ مَاذَالَقِيْتَ قَالَ اَبُوْلَهَبٍ لَمْ اَلْقَ بَعْدَكُمْ غَيْرَاَنِّىْ سُقِيْتُ فِىْ هٰذِهٖ بِعِتَاقَتِىْ ثُوَيْبَةَ۔

''જયારે અબૂ લહબ મૃત્યુ પામ્યો તો તેના અમુક ઘરાવાળાઓ (હઝરત અબ્બાસ رضی اللہ عنہએ તેને સ્વપ્નમાં ઘણી જ બુરી હાલતમાં જોયો તો પૂછયું, તારા પર શું ગુજરી ? અબૂ લહબે કહ્યું, તમારાથી જુદા થઈ મને કોઈ ભલાઈ ન મળી એના સિવાય કે મને સૈરાબ કરવામાં આવે છે કલ્માની આંગળીથી (સોમવારના દિવસે) એટલા માટે કે એ દિવસે મેં આ આંગળીથી (હુઝૂર ﷺની વિલાદતની ખુશીમાં) ષુવૈબા

(તેની લોંડી)ને આઝાદ કરી હતી.'' *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૭૮૪)*

આ જ હદીષને અલ્લામા બદરૂદ્દીન અયૂનીએ ઉમ્દતુલ કારી શર્હે સહીહ બુખારીમાં (નવું પ્રકાશન) ભાગ–૨, પેજ–૯૫, પર વર્ણન કરી છે. આ જ હદીષ ખસાઈસે કુબ્રા ભાગ–૧માં છે તેમજ આ જ હદીષને ઈમામ જલાલુદ્દીન સિયૂતી رضی اللہ عنہએ અલ્હાવી લિલ્ફતાવા ભાગ–૧, પેજ–૧૯૬ પર વર્ણવી છે. તેમજ અલ્લામા હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની શારેહે બુખારીએ વિવિધ કથનો રજૂ કરી છેવટમાં પોતાના કથનથી પણ સહમતિ ફર્માવી. *(ફત્હુલ બારી, ભાગ–૯, પેજ–૧૧૯)*

વિચારો ! અબૂ લહબ સખત કાફિર હતો જેની નિંદામાં કુર્આનની સંપૂર્ણ સૂરત **تَبَّتْ يَدَآ اَبِیْ لَهَبٍ وَّتَبَّ...الخ** ''તબ્બત યદા અબી લહબ'' નાઝિલ થઈ. તે કાફિર હતો, આપણે મો'મિન છીએ, તે દુશ્મન હતો આપણે ગુલામ છીએ, તેણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના મીલાદની ખુશી ન મનાવી બલ્કે પોતાના ભત્રીજાની પેદાઈશની ખુશી મનાવી હતી અને આપણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના મીલાદની ખુશી મનાવીએ છીએ. જ્યારે દુશ્મનો અને કાફિરોને મીલાદ (આપ صلی اللہ علیہ وسلمની પેદાઈશ)ની ખુશી મનાવવાથી આટલો ફાયદો થાય છે તો મો'મિનો અને ગુલામોને કેટલો ફાયદો થશે ? (તો વિચારો અને સમજો !)

વર્ણન થયેલ હદીષથી મીલાદના દિવસનું મહત્વ અને તે દિવસે ખુશી મનાવવાનો ફાયદો સ્પષ્ટ થઈ ગયો. (**فَالْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ**)

**બીજી હદીષ** : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે સરવરે આલમ صلی اللہ علیہ وسلم મક્કા મુહર્રમાથી હિજરત ફર્માવી મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો યહૂદીઓને આશૂરા(દસ મુહર્રમ)નો રોઝો રાખતા જોઈને પૂછયું કે તમે આશૂરાનો રોઝો કેમ રાખો છો ? યહૂદીઓએ જવાબ આપ્યો કે આ દિવસ (દસ મુહર્રમ) અમારા માટે અત્યંત પવિત્ર અને બરકતવાળો છે, કારણ કે આ દિવસે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلام અને તેમની કૌમ (બની ઈસ્રાઈલ)ને ફિરઔન અને તેની કૌમના જુલ્મથી નજાત આપી વિજય અપાવ્યો હતો, એટલા માટે એ દિવસને "વિજય અને નજાતની યાદગાર" સમજીએ છીએ અને તેના સન્માનમાં તે દિવસનો રોઝો રાખીએ છે. તેમના આ જવાબ પર હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફમાવ્યું :–

فَنَحْنُ اَحَقُّ بِمُوْسیٰ مِنْکُمْ فَصَامَہٗ وَاَمَرَ بِصِیَامِہٖ---

તો મૂસા علیہ السلامના વિજય અને નજાતના દિવસને ઉજવવાના અમે તમારા કરતાં અધિક હક઼દાર છીએ, જેથી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ પોતે પણ રોઝો રાખ્યો અને સહાબાને પણ તે દિવસે રોઝો રાખવાનો હુકમ ફર્માવ્યો.

વિચારો ! આશૂરાનો દિવસ બની ઈસ્રાઈલના નજીક પણ બરકતવાળો અને હુઝૂર صلی اللہ علیہ وسلمના નજીક પણ બરકતવાળો. બની ઈસ્રાઈલ તે દિવસની વાર્ષિક યાદગાર ઉજવે, સન્માન કરે, હુઝૂર صلی اللہ علیہ وسلم તેને બિદઅત ન ફર્માવે બલ્કે પોતે પણ મનાવે અને સહાબાને પણ મનાવવાનો હુકમ આપે. જે દિવસે બની ઈસ્રાઈલને ફિરઔનથી નજાત મળી જો એ દિવસ મનાવવું જાઈઝ છે તો જે (મીલાદના) દિવસે સમસ્ત માનવતાને કુફ્રો શિર્ક અને જુલ્મો સિતમથી નજાત મળી તે દિવસને મનાવવું કઈ

રીતે બિદઅત થઈ શકે છે ?!

ઉપરોકત હદીષોથી સાબિત થયું કે પવિત્ર દિવસોની યાદ મનાવવું સુન્નત છે, મુસ્તહસન અને સારૂ કાર્ય છે. તેને બિદઅત કહેવું સદંતર જુલ્મ તથા અન્યાય છે.

**કુર્આન અને હદીષની રોશનીમાં સહાબાએ કિરામ અને સલ્ફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો)ના કથનો તથા અમલથી મીલાદનો દિવસ મનાવવું, મેહફિલોનું આયોજન કરવું અને ઝિક્રે મુસ્તફા ﷺનો ચર્ચો કરવો સાબિત છે.**

❒ ❒ ❒

## ★ મીલાદ અને કુર્આન ★

સૌ પ્રથમ અંબિયાએ કિરામની મેહફિલમાં (મીષાક઼ના દિવસે) હુઝૂરે અકરમ ﷺની આમદ (આગમન)નું વર્ણન ખુદ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَا اٰتَيْتُكُمْ مِّنْ كِتَابٍ وَّ حِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ

અને યાદ કરો જ્યારે અલ્લાહે પૈગમ્બરો પાસેથી તેમનું વચન લીધું, જો હું તમને કિતાબ અને હિકમત આપુ પછી તમારી પાસે એ રસૂલ પધારે કે (જે) તમારી કિતાબોની સત્યતા જાહેર કરે તો તમે જરૂર જરૂર તેમના પર ઈમાન લાવજો અને જરૂર જરૂર તેની મદદ કરજો *(સૂરત આલે ઈમરાન, ૩/૧)*

ثُمَّ جَآءَ کُمۡ رَسُوۡلٌના શબ્દોમાં અલ્લાહ તઆલાએ જાને આલમ ﷺની આમદ (આગમન)નું વર્ણન ફર્માવ્યું.

જાણવા મળ્યું કે ઝિક્રે મુસ્તફા ﷺની સર્વ પ્રથમ મેહફિલ "મેહફિલે અંબિયા" છે જેમાં મીલાદનું વર્ણન કરનાર અલ્લાહ તઆલા તઆલા અને સાંભળનાર અંબિયાએ કિરામ હતા.

એ જ રીતે અંબિયા વ મુરસલીન ﷺ પોતપોતાના દોરમાં હુઝૂર રહમતે આલમ ﷺની આમદનું વર્ણન કરતા રહ્યા ત્યાં સુધી કે હઝરત ઈસા علیہ السلامએ પોતાની ઉમ્મતની આમ મેહફિલમાં હુઝૂર ﷺની આમદ (વિલાદત)નો આ રીતે ચર્ચો ફર્માવ્યો :–

وَمُبَشِّرًا بِرَسُوۡلٍ یَّاۡتِیۡ مِنۡۢ بَعۡدِی اسۡمُہٗۤ اَحۡمَدُ. "અને તે રસૂલની ખુશખબર સંભળાવતો જે મારા પછી પધારશે તેમનું નામ અહમદ છે." *(સૂ. સફ્ફ, ૨૮/૬)*

આપ ﷺની આમદનું વર્ણન ખુદ અલ્લાહ તઆલાએ આ રીતે ફર્માવ્યું :–

لَقَدۡ جَآءَکُمۡ رَسُوۡلٌ مِّنۡ اَنۡفُسِکُمۡ عَزِیۡزٌ عَلَیۡہِ مَا عَنِتُّمۡ حَرِیۡصٌ عَلَیۡکُمۡ بِالۡمُؤۡمِنِیۡنَ رَءُوۡفٌ رَّحِیۡمٌ

"બેશક ! તમારી પાસે પધાર્યા તમારામાંથી રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે (અણગમતુ) છે. તમારી ભલાઈનો ખૂબ ચાહક, મુસલમાનો પર અતિશય મહેરબાન છે." *(સૂરત તૌબા, ૧૧/૧૨૮)*

જુઓ ! આ આયતમાં لَقَدۡ جَآءَکُمۡના વાક્યમાં વિલાદતનું વર્ણન છે. مِنۡ اَنۡفُسِکُمۡ ના શબ્દોમાં આપ ﷺના નસબ શરીફ અને ખાનદાનનું વર્ણન છે અને عَزِیۡزٌ عَلَیۡہِ مَا عَنِتُّمۡમાં આપ

ﷺના ફઝાઈલ, ખૂબીઓ અને સીરતનું વર્ણન છે.

બિહમ્દિહી તઆલા મેહફિલે મીલાદમાં એ જ તો કરીએ છીએ જે કુર્આનમાં ખુદ અલ્લાહ તઆલાએ વર્ણન કર્યું.

**સાબિત થયું કે હુઝૂર ﷺની વિલાદતનું વર્ણન અને ઝિક્રે મુસ્તફા ﷺની ચર્ચા કરવી અને મેહફિલે મીલાદનું આયોજન કરવાની અસલ (દલીલ) કુર્આનથી સાબિત છે. આ અમલને બિદઅત કહેનારા બોધ હાંસલ કરે.**

## મીલાદુન્નબી ﷺ અને હદીષ

### ★ ખુદ હુઝૂર ﷺએ પોતાની મીલાદ મનાવી ★

હદીષ શરીફમાં છે કે હુઝૂરે અકરમ ﷺ દરેક સોમવારના દિવસે રોઝો રાખતા હતા :–

**سُئِلَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَنْ صَوْمِ يَوْمَ الْاِثْنَيْنِ فَقَالَ فِيْهِ وُلِدْتُّ وَ فِيْهِ اُنْزِلَ عَلَيَّ وَحْيٌ۔**

"હુઝૂરે અકરમ ﷺથી સોમવારના દિવસે રોઝો રાખવા સંબંધે પૂછવામાં આવ્યું તો આપ ﷺએ ફર્માવ્યું કે આ જ દિવસે મારો જન્મ થયો અને આ જ દિવસે મારા પર વહ઼ી (ઉતરવાની) શરૂઆત થઈ." *(મિશ્કાત, કિતાબુસ્સવ્મ)*

અલ્હમ્દુ લિલ્લાહ ! આ હદીષથી નિમ્ન બાબતો સાબિત થઈ :–

**૧.** સોમવારના દિવસેનો રોઝો એટલા માટે સુન્નત છે કે આ દિવસ (સોમવાર) હુઝૂર ﷺની વિલાદતનો દિવસ છે.

૨. હુઝૂર ﷺએ સોમવારનો રોઝો રાખીને ખુદ પોતાના જન્મની યાદ મનાવી.

૩. ઉમ્મત માટે વિલાદતના દિવસનું મહત્વ જાહેર કર્યું.

૪. દિવસ નિશ્ચિત કરી યાદગાર મનાવવી રસૂલુલ્લાહ ﷺની સુન્નત છે.

૫. વિલાદતની ખુશીમાં ઈબાદત કરવી સુન્નત છે.

(ઈબાદત ચાહે શારીરિક હોય જેમ કે રોઝા, નમાઝ વગેરે ચાહે માલી હોય જેમ કે સદ્કા, ખૈરાત, મિઠાઈ વગેરે વહેંચવી)

સારાંશ કે હુઝૂર ﷺની મીલાદની ખુશી મનાવવી, જાઈઝ રીતે માલ ખર્ચ કરવો, અલ્લાહનો શુક્ર અદા કરવા માટે દુઆ, ઈબાદત, તિલાવત, નઅત શરીફ વગેરે સર્વ મુસ્તહસન કામો છે.

## ★ બીજી હદીષ ★

**فَقَامَ النَّبِیُّ ﷺ عَلَی الْمِنْبَرِ فَقَالَ مَنْ اَنَا** નબીએ કરીમ ﷺ મિમ્બર પર તશરીફ લાવ્યા અને ફર્માવ્યું બતાવો ! હું કોણ છું ? સૌએ કહ્યું આપ અલ્લાહના રસૂલ છો. તો આપે ફર્માવ્યું, "હું મુહમ્મદ છું, અબ્દુલ્લાહનો પુત્ર છું, અબ્દુલ મુત્તલિબનો પૌત્ર છું. અલ્લાહે મખ્લૂક઼ને પેદા ફર્માવી તો મને સારા ગિરોહમાં પેદા કર્યો (અર્થાત ઈન્સાન બનાવ્યો), ઈન્સાનોમાં બે ગિરોહ પેદા કર્યા (અરબ તથા અજમ અર્થાત અરબ સિવાયના) અને મને સારા ગિરોહ (અરબ)થી બનાવ્યો. પછી અરબમાં કેટલાય કબીલા બનાવ્યા અને મને સૌથી સારા ક઼બીલા (કુરૈશ)માં બનાવ્યો. પછી કુરૈશમાં કેટલાય ખાનદાન બનાવ્યાં અને મને સૌથી સારા ખાનદાન (બની હાશિમ)માં

પેદા કર્યો, માટે હું જાતી રીતે પણ સૌથી સારો છું અને ખાનદાની રીતે પણ સૌથી સારો છે. *(મિશ્કાત, બાબો ફઝાઈલે સય્યદિલ મુરસલીન)*

### ★ ત્રીજી હદીષ ★

હુઝૂર صلی اللہ علیہ وسلم એ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મેહફિલમાં પોતાની મીલાદ આ રીતે બયાન ફર્માવી :–

**سَأُخْبِرُكُمْ بِاَوَّلِ اَمْرِىْ دَعْوَةُ اِبْرَاهِيْمَ وَبَشَا رَةُ عِيْسىٰ وَ رُؤْيَا اُمِّىَ الَّتِى رَأَتْ حِيْنَ وَضَعَتْنِىْ وَقَدْ خَرَجَ لَهَا نُوْرٌ اَضَاءَ لَهَا مِنْهُ قُصُوْرُ الشَّامِ -**

"હું તમને મારી પ્રારંભિક બાબતો વિશે બતાવું છું. હું હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની દુઆ અને હઝરત ઈસા علیہ السلام ની (આપેલી) ખુશખબરી છું અને હું મારી વાલેદાનું એ આંખે જોયલું દ્રશ્ય છું જે તેમણે મારી વિલાદતના સમયે જોયું હતું કે તેમના પવિત્ર શરીરથી એક એવું નૂર પ્રકટ થયું જેના પ્રકાશમાં તેમણે મુલ્કે શામના મકાનો દેખાયાં." *(મિશ્કાત, બાબો ફઝાઈલે સય્યદિલ મુરસલીન, ફસ્લે ષાની, પેજ–૫૧૩)*

સાબિત થયું કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ સહાબાએ કિ઼રામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના જલ્સામાં ખુદ પોતાની મેહફિલે મીલાદનું આયોજન કર્યુ. અને પોતાની પેદાઈશ, પોતાની વંશાવળી, પોતાની ખાનદાની શરાફત અને વિલાદતનું વર્ણન કરી પોતાની ઉમ્મતને પણ મીલાદ મનાવવાની પ્રેરણા આપી.

## સહાબાએ કિ઼રામ પણ હુઝૂર ﷺની મીલાદ મનાવતા હતા

**પહેલી હદીષ :** હઝરત અતા બિન યસાર رضی اللہ عنہ ફર્માવે છે કે હું હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہની પાસે ગયો અને અરજ કરી કે મને હુઝૂર ﷺની તે નઅત (ખૂબીઓ) સંભળાવો જે તૌરાતમાં છે, તેમણે પઢી સંભળાવી.

**قُلْتُ اَخْبِرْنِیْ عَنْ صِفَةِ رَسُوْلِ اللّٰهِ ﷺ فِی التَّوْرَاةِ قَالَ اَجَلْ۔**

*(મિશ્કાત, બાબો ફઝાઈલે સય્યદિલ મુરસલીન, ફસ્લે અવ્વલ)*

**બીજી હદીષ :** હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہએ હુઝૂર ﷺની શાનમાં નઅતો લખી અને પઢી, હુઝૂર ﷺએ તેમનાથી પ્રસન્નતા વ્યક્ત કરી અને તેમના માટે આ રીતે દુઆ માગી : **اَللّٰهُمَّ اَيِّدْهُ بِرُوْحِ الْقُدُسِ۔** "હે અલ્લાહ ! હે હસ્સાનની મદદ ફર્માવ રૂહે કુદ્દસ દ્વારા."

હઝરત હસ્સાન رضی اللہ عنہનો નઅતના બે શેઅરો આ પ્રમાણે છે :–

**وَاَحْسَنُ مِنْكَ لَمْ تَرَ قَطُّ عَيْنِیْ**
**وَاَجْمَلُ مِنْكَ لَمْ تَلِدِ النِّسَآءُ**
**خُلِقْتَ مُبَرَّأً مِنْ كُلِّ عَيْبٍ**
**كَاَنَّكَ قَدْ خُلِقْتَ كَمَا تَشَآءُ**

આ નઅતના શેઅરોમાં હુઝૂર ﷺની વિલાદત વિશે તથા આપ બેઐબ હોવાનું વર્ણન છે. અર્થાત આ કસીદો મીલાદુન્નબી ﷺના વિષય પર છે.

**ત્રીજી હદીષ :** હઝરત અબ્બાસ رضی اللہ عنہએ પોતાના

ક઼સીદામાં હુઝૂર ﷺની મીલાદ પઢી, ક઼સીદાના અંતિમ બે શેઅર જોઈએ :–

وَاَنْـتَ لَـمَّـا وُلِـدْ تَّ اَشْرَقَـتِ
اَلْاَرْضُ وَضَـا ءَ تْ بِـنُـوْرِكَ الْاُفُقُ
فَـنَحْـنُ فِىْ ذَالِكَ الـضِّيَا ءِ وَفِىْ
اَلـنُّـوْرِ وَسُبُلَ الرِّشَادِ نَـخْتَـرِقُ

–(અત્તન્વીર)

"યા રસૂલલ્લાહ ﷺ ! જયારે આપ ﷺની વિલાદત થઈ તો આપના નૂરથી સમસ્ત ધરતી પ્રકાશિત થઈ ગઈ અને આપના નૂરથી સર્વ આસ્માની વાતાવરણ પુરનૂર થઈ ગયું, તો અમે એ જ નૂરમાં રૂશ્દો હિદાયતના માર્ગો પર ચાલી રહ્યા છીએ."

**ચોથી હદીષ** : હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ હઝરત ક઼બાષ رضی اللہ عنہને પૂછયું, આપ ઉમરમાં મોટા છો કે નબીએ અકરમ ﷺ ? તો તેમણે જવાબ આપ્યો :–

**رَسُوْلُ اللّٰهِ ﷺ اَكْبَرُ مِنِّى وَاَنَااَقْدَمُ فِىْ الْمِيْلَادِ۔** અર્થાત મોટા તો હુઝૂર ﷺ જ છે, અને હું જન્મવામાં પહેલો છું. *(તિર્મિઝી–ર, બાબો માજાઅ ફી મીલાદુન્નબી ﷺ)*

આ જ રીતે અન્ય સહાબાએ કિરામ رضی اللہ عنہ પણ વિલાદતે રસૂલ ﷺનું વર્ણન કરતા રહ્યા, આનું નામ મેહફિલે મીલાદ છે.

## મીલાદ મનાવવું હમેશાંથી ઉમ્મતના મહાન બુઝુર્ગોનો અમલ રહ્યો છે

હઝરત શૈખ શહાબુદ્દીન અહમદ ક઼સ્તલાની رضی اللہ عنہ શારેહ બુખારી મવાહિબુલ્લદુન્નિયા (૧/૨૭ મિસર)માં ફર્માવે છે :– **وَلَا زَالَ اَهْلُ الْاِسْلَامِ يَحْتَفِلُوْنَ بِشَهْرِ مَوْلِدِهٖ** صلی اللہ علیہ وسلم۔ હુઝૂર صلی اللہ علیہ وسلمની વિલાદતની ખુશીમાં મુસલમાનો હમેશાંથી મીલાદની મેહફિલો સજાવતા આવ્યા છે.

ઈમામ ક઼સ્તલાની رضی اللہ عنہ અને તેમની આ કિતાબ વિશે હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે : ''તેમની વાઅઝ સાંભળવા દુનિયા એકત્ર થતી હતી, તેઓ પોતાના સમયના અજોડ આલિમ હતા. જેમ કે મવાહિબે લદુન્નિયા તેમની જ કિતાબ છે જે તેના પ્રકરણ (વિષય)માં બેમિષાલ છે.'' *(બુસ્તાનુલ મુહદ્દિષીન ૩૧૮)*

## મીલાદ વિશે ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہનું ફર્માન

**یگر درباب مولود خوانی اندا ج یافته بود ،در نفس قرآن خواندن بصوت حسن ودر قصائد نعت وسنقب خواندن چه مضائقه است؟**

તથા આપે મૌલૂદ ખ્વાની વિશે લખ્યુ હતું તો મેહફિલે મીલાદમાં સારી અવાજમાં કુર્આન પઢવા અને નાઅતો મન્ક઼બતના કસીદા પઢવામાં શું વાંધો છે ? *(મકતૂબાતે શરીફા, દફતરે સૌમ, મકતૂબ ૭૨)*

## હઝરત પીર મહર અલી શાહ رحمۃ اللہ علیہ ગોલળવીનો ફત્વો

"હઝરત પીર સૈયદ મહરઅલી શાહ رحمۃ اللہ علیہ એક ફત્વામાં ફર્માવે છે : "મુસલમાનો માટે મીલાદની ખુશી મનાવવી જાઈઝ છે." *(ફતાવા મહરિયા–૧૮)*

## દેવબંદી ઉલ્માના પીરો મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہનો ફૈસલો

"મશ્રબ (મંતવ્ય) ફકીરનું એ છે કે મૌલૂદમાં શરીફ થાઉં છું બલ્કે બરકતોનો ઝરીયો સમજીને (મેહફિલે મીલાદ)નું આયોજન કરું છું અને કયામ (ઉભા થઈ દુરૂદ, નઅત તથા સલામ વગેરે પઢવું)માં લુત્ફો લઝ્ઝત પામું છું." *(કુલ્લિયાતે ઈમ્દાદિયા ફૈસ્લએ ફક્ત મસ્અલા)*

"ફર્માવ્યું કે મીલાદ શરીફ સર્વ હરમૈનવાળાઓ (મક્કા શરીફ અને મદીના શરીફવાસીઓ) કરે છે. આટલી જ આપણા માટે દલીલ પૂરતી છે." *(શમાઈમે ઈમ્દાદિયા–૪૭)*

## મીલાદ વિશે હઝરત શૈખ અબ્દુલ્હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہનો અકીદો તથા અમલ

હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ વિશે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ પોતાના એક મકતૂબમાં ફર્માવે છે : "આપનું વુજૂદ (અસ્તિત્વ) ઈસ્લામની કમજોરીના જમાનામાં મુસલમાનો માટે ગનીમત છે."

દેવબંદીઓના ગુરૂ અશ્રફ અલી થાનવી "ઈફાઝાતે યૌમિયા"માં લખે છે :–

''હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ બહુ મોટા શૈખ છે, જાહેરમાં પણ બાતિનમાં પણ.''

હવે હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہનો અક઼ીદો તથા અમલ મીલાદ શરીફ વિશે જોઈએ. આપ ફર્માવે છે : **وَلَا زَالَ اَهْلُ الْاِسْلَامِ يَحْتَفِلُوْنَ بِشَهْرِ مَوْلِدِهٖ** ﷺ ''અને મુસલમાનો હમેશાં મીલાદના મહીનામાં મેહફિલોનું આયોજન કરતા રહ્યા છે.''

મદારિજુન્નુબુવ્વત ભાગ–૨માં અબૂ લહબના થકી લોંડીને આઝાદ કરવાવાળા કિસ્સાને બયાન કરીને ફર્માવે છે :–

**دریں جا سند یست مرا هل موالید را که در شب میلاد**

**سرور کنند وبذل اموال نما یند ... الخ**

આ પ્રસંગમાં મીલાદ મનાવવાળાઓ માટે સનદ અને દલીલ છે જેઓ હુઝૂર ﷺની વિલાદતની ખુશી મનાવે છે અને માલ ખર્ચ કરે છે.

''હઝરત શૈખ મુહક્કિક પોતાની કિતાબ ''અખ્બારુલ અખ્યાર''ના અંતમાં બારગાહે ખુદાવંદીમાં મુનાજાત (દુઆ) કરતાં આ પ્રમાણે ફર્માવે છે :–

''હે અલ્લાહ ! મારો કોઈ અમલ એવો નથી જેને તારા દરબારમાં રજૂ કરવાને પાત્ર સમજું. મારા સર્વ અમલોમાં નિય્યતની ખરાબી રહે છે, પરંતુ મુઝ ફક઼ીરનો એક અમલ તારી ઝાતે પાકની કૃપાદષ્ટિથી બહુ શાનદાર છે અને તે (અમલ) એ છે કે મીલાદની મજલિસના મૌક઼ા પર હું ઉભો થઈને સલામ પઢું છું.'' *(અખ્બારુલ અખ્યાર મુતરજિમ–૬૨૪), (અખ્બારુલ અખ્યાર ફારસી–૩૨૦)*

## હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہનો કશ્ફ

આપ ફર્માવે છે : ''હું મક્કા મોઅઝ્ઝમામાં મીલાદના દિવસે હુઝૂર ﷺના મૌલદે મુબારક (જન્મ સ્થળ)માં હતો. તે સમયે લોકો આપ ﷺ પર દુરૂદ શરીફ પઢતા હતા અને આપની વિલાદતનું વર્ણન કરતા અને તે મો'જિઝાઓ બયાન કરતા હતા જે આપ ﷺની વિલાદતના સમયે જાહેર થયા હતા. મેં તે મજ્લિસમાં નૂર અને બરકતો જોઈ.''

فَتَأَ مَّلتُ تِلكَ الاَنوَارَ فَوجَدُ تُّهَا مِنُ قِبَلِ الُمَلاَئِكَةِ
الُمُتَوَكِّلِيُنَ بِاَمُثَالِ هذِهِ الُمَشَاهِدِ ۔ الخ

''તો મેં ચિંતન કર્યું તો માલૂમ થયું કે આ નૂર એ ફરિશ્તાઓના છે જે મજલિસો અને પ્રસંગો પર મુકર્રર હોય છે.'' *(ફયૂઝુલ હરમૈન–૨૭)*

## કુત્બુલ વાસિલીન હઝરત શાહ અહમદ સઈદ નક્શબંદી દહેલ્વી رحمۃ اللہ علیہનું ફર્માન

می فرمودند که خواندن مولود شریف و قیام نزدیك ذکر
ولادت باسعادت مستحب است ۔

''આપ ફર્માવતા હતા કે મીલાદ શરીફનું પઢવું અને વિલાદત બાસઆદતના ઝિક્રના સમયે ક઼યામ કરવો (ઉભા થઈ દુરૂદો સલામ પઢવું) મુસ્તહબ છે.''

### ★ પ્રિય વાંચકો ! વિચારો ! ★

કે મીલાદ શરીફનો અમલ કુર્આન તથા સુન્નત (હદીષ)થી

સાબિત છે. વળી સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن સલ્ફે સાલિહ઼ીન, અવલિયાએ કિરામ અને ઉલ્મા તથા મુહ઼દ્દિષીન رحمۃ اللّٰہ علیھم اجمعین થી ક્રમશઃ મીલાદ મનાવવું સાબિત છે.

અમુક ગેરજવાબદાર લોકોનું કહેવું કે "મીલાદના બાની ઉમર બિન મુલ્લા મુહંમદ મૂસિલી અને સુલ્તાન અરબલ છે." આ વાત હ઼ક઼ીકતના બિલ્કુલ વિરૂધ્ધ છે.

શાંત ચિત્તે વિચારો ! ઉપરોક્ત હવાલાઓના સંદર્ભમાં (મીલાદ શરીફ મનાવનારા) આ સર્વ બુર્ઝુગાને દીન શું મુશરિક અને બિદઅતી હતા ?

**આશ્ચર્ય છે કે...!**

મીલાદની મહેફિલો, કયામ અને સલામ અને ઈદે મીલાદુન્નબી ﷺના જુલૂસને શિર્ક તથા તથા બિદઅત ઠરાવનારા અલ્લાહથી ડરતા કેમ નથી ? તેમના તરફથી બિભત્સતા, અય્યાશી, સિનેમાબીની, નાચગાન, વ્યાજ અને રિશ્વત તથા પશ્ચિમી સંસ્કૃતિની ભયાનક અસરો અને ચેપી (ફેલાનારી) બુરાઈઓ અને બિદઅતોના વિરોધમાં કદી પણ કોઈ પ્રભાવશાળી પગલાં કે પમ્ફલેટ વગેરે જોવામાં નથી આવતાં.

**પરંતું....!**

શાને રિસાલત, અઝમતે વિલાયત તથા વિલાદતનું ઝિક્ર અને અહલે સુન્નત મુસલમાનો સાથે તેમની દુશ્મની અને નફરતની આ હાલત છે જ્યારે જ્યારે ઈદે મીલાદુન્નબી ﷺનો મૌકો આવે છે તો તેમની તૌહીદની નસ ફડકવા માંડે છે ! અને જુલ્મની હદ તો એ છે કે તેમની નજીક જશ્ને દારુલ ઉલૂમ દેવબંદ જાઈઝ છે પરંતું ઈદે મીલાદુન્નબી ﷺ બિદઅત છે !

યૌમે (મુફ્તી) મહમૂદ તો જાઈઝ છે પરંતું યૌમે મૌલૂદ નાજાઈઝ છે ! સીરતના જલ્સા તો બરાબર છે પરંતું વિલાદતના જલ્સા દુરૂસ્ત નથી ! આખરે તેમને નબીએ કરીમ ﷺની અઝમત અને શાનથી ચીઢ કેમ છે ?!

પોતાના મોલ્વીઓના સ્વાગત અને જુલૂસ, વાર્ષિક ઈજતેમાઓ, કોન્ફ્રન્સો, યૌમ ઉષ્માની, યૌમે અતાઉલ્લાહ બુખારી, અહમદ અલીની વરસી, કાફિરા ઈંદિરા ગાંધીની જશ્ને દેવબંદમાં સદારત અને સન્માન, ગાંધી અને કોંગ્રેસના જલ્સાઓમાં શરીક થવું, મિસ ફાતેમા જિન્નાહના જુલૂસ અને જલ્સા અને કુર્આનો હદીષના વિરૂધ્ધ તેને રાષ્ટ્ર પ્રમુખ બનાવવાના પ્રયાસો, દેવબંદમાં ભારતના પૂર્વ પ્રધાનમંત્રી રાજેન્દ્ર પ્રસાદના નારા અને સ્વાગત અને નજ્દમાં મરહબા નેહરૂ રસુલુસ્સલામ''ના નારા તથા જુલૂસ (મઆઝલ્લાહ), યૌમે શૌકતે ઈસ્લામ અને ગિલાફે કાબાનું જુલૂસ.... આ સૌ જાઈઝ અને સંપૂર્ણ તૌહીદ છે.

**પરંતું....!**

પ્યારા મહબૂબ, તાજદારે મદીના ﷺની આમદની ખુશી અને આપ ﷺની તા'ઝીમ અને અઝમત માટે આયોજીત થતા સર્વ જુલૂસ અને જલ્સા બિદઅત અને નાજાઈઝ છે ! (وَلَاحَوْلَ قُوَّةَ اِلَّا بِاللّٰهِ)

## યૌમે વિલાદત (જન્મ દિવસ) અને યૌમે વિસાલ (વફાત દિવસ)ની તેહકીક

વિરોધીઓની આદત છે કે દર વર્ષે ઈદે મીલાદુન્નબી ﷺના મુબારક અવસરે એહલે સુન્નત મુસલમાનોના વિરૂધ્ધ

પોતાની દુશ્મની જાહેર કરવા માંડે છે અને શાંતિ ડહોળવાના પ્રયાસો કરે છે તથા દર વર્ષની જેમ ગયા વર્ષે દેવબંદીઓ તરફથી પેમ્ફલેટ, પરચા, ઈન્ટરનેટના માધ્યમથી જેમ કે યુ ટયૂબ, ફેસબુક, વૉટસઅપ, વગેરે થકી સામાન્ય લોકોને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરવામાં આવી. જેમાં તેમની પૂર્વ હઠધર્મી સિવાય અન્ય કાંઈ નવું તો ન હતું, બસ એ જ કે ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવું શિર્ક છે, બિદઅત છે અને ખાસ કરી એક વાત પર અધિક જોર આપવામાં આવ્યું કે.... ''સર્વ મુસલમાનોની સર્વસંમતિથી ૧૨ રબીઉલ અવ્વલ હુઝૂર ﷺની વફાતનો દિવસ છે ન કે જન્મ દિવસ અને કારણ કે હુઝૂર ﷺની વફાતના દિવસે સહાબાએ કિરામ તથા એહલે બૈત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن અત્યંત દુ:ખી હતા. એટલા માટે આ દિવસે ખુશી વ્યક્ત કરવી તેમના ઝખ્મો પર નમક નાખવા સમાન છે.''

તો એમના નજીક ૧૨ રબીઉલ અવ્વલનું આપ ﷺનો જન્મ દિવસ હોવું શંકાસ્પદ અને વિસાલનો દિવસ હોવું નિશ્ચિત છે.

## ★ અમારો જવાબ એ છે કે ! ★

વિલાદતની તારીખમાં સામાન્ય મતભેદ હોવા છતાં, જમ્હૂર મુહક્કિક અને અધિકતમ ઉલ્માના નજીક હુઝૂર ﷺનો યૌમે વિલાદત (જન્મ દિવસ) ૧૨ રબીઉલ અવ્વલ જ છે અને તેના પર જ ઉમ્મતનો અમલ છે અને ઉમ્મતનો અમલ પણ પોતે એક દલીલ છે.

શરીઅતમાં શુક્ર અદા કરવા માટે યાદગાર અને ખુશી મનાવવું જાઈઝ અને મુસ્તહસન છે પરંતુ ત્રણ દિવસથી અધિક સોગ મનાવવું મના છે એટલા માટે મુસલમાનો અને ઉમ્મતના

ઉલ્માએ હમેશાં જન્મ દિવસ મનાવ્યો છે, સોગમાં વિસાલ દિવસ મનાવવું હરગિઝ સાબિત નથી

અમે હયાતુન્નબી (નબી ﷺના હયાત હોવા)નો અક઼ીદો ધરાવીએ છીએ, અને જીવતાનો સોગ મનાવવો બુધ્ધિ વિરૂધ્ધ છે.

અગર વિરોધીઓના નજીક ૧૨ રબીઉલ અવ્વલ વિલાદતનો નહીં બલ્કે વફાતનો દિવસ છે તો એ દિવસના વિસાલ દિવસ તરીકે જ મનાવી લે ! પરંતુ તે બેચારા !

**ન ખુદા હી મિલા, ન વિસાલે સનમ**
**ન ઈધરકે રહે ન ઉધરકે રહે !**

હવે આવો ! ઈસ્લામના મહાન ઈમામો અને ઉલ્માથી પૂછીએ કે ૧૨ રબીઉલ અવ્વલ હુઝૂર ﷺની વિલાદતનો દિવસ છે કે વફાતનો ?

પ્રથમ યૌમે વફાત વિશે તેહક઼ીક઼ જોઈએ :–

## પહેલુ મંતવ્ય

**★ રસૂલુલ્લાહ ﷺની વફાત ૧ રબીઉલ અવ્વલે થઈ ★**

**قَالَ يَعْقُوْبُ ابْنُ سُفْيَانَ عَنْ يَحْيٰى بْنِ بُكَيْرٍ عَنِ اللَّيْثِ اِنَّهٗ**
**قَالَ تُوُفِّىَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ الْاِثْنَيْنِ**
**لَيْلَةً خَلَتْ مِنْ رَبِيْعِ الْاَوَّلِ**

''રિવાયત કર્યું યાકૂબ બિન સુફયાને યહ્યા બિન બુકૈરથી તેમણે લૈષથી. તેઓએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ સોમવારના દિવસે રબીઉલ અવ્વલની પહેલી રાત પસાર થયા પછી વફાત પામી.''

وَقَالَ فَضْلُ ابْنُ دُكَيْنٍ تُوُفِّىَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَوْمَ الْاِثْنَيْنِ مُسْتَهَلَّ رَبِيْعِ الْاَوَّلِ۔

''ફઝ્લ બિન દુકૈને કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ રબીઉલ અવ્વલનો ચાંદ ચઢતાં જ સોમવારના દિવસે વફાત પામી.'' *(અલ્ બિદાયા વન્નિહાયા)*

## બીજુ મંતવ્ય

### ★ રસૂલુલ્લાહ ﷺની વફાત ૨ રબીઉલ થઈ ★

قَالَ الْبَيْهَقِىُّ اَنْبَأَنَا أَبُوْعَبْدِاللّٰهِ الْحَافِظُ قَالَ اَنْبَأَنَا اَحْمَدُ بْنُ حَنْبَلَ ( اِلٰى آخِرِ السَّنَدِ ) وَكَانَ اَوَّلُ يُوْمٍ مَرِضَ يَوْمَ السَّبْتِ وَكَانَتْ وَفَاتُهٗ عَلَيْهِ السَّلَامُ يَوْمَ الْاِثْنَيْنِ لِلَيْلَتَيْنِ خَلَتَا مِنْ شَهْرِ رَبِيْعِ الْاَوَّلِ۔

''ઈમામ બયહકીએ કહ્યું કે અમને અહમદ બિન હંબલે ખબર આપી (સનદના અંત સુધી) અને પહેલા દિવસે જ્યારે હુઝૂર ﷺ બીમાર થયા શનિવારનો દિવસ હતો અને આપની વફાત સોમવારના દિવસે રબીઉલ અવ્વલની બે રાતો પસાર થવા પર થઈ.'' *(અલ્ બિદાયા વન્નિહાયા)*

قَالَ الْوَاقِدِىُّ وَقَالَ سَعْدُ بْنُ زَهْرِىْ تُوُفِّىَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَوْمَ الْاِثْنَيْنِ لِلَيْلَتَيْنِ خَلَتَا مِنْ رَبِيْعِ الْاَوَّلِ

( وَرَوَاهُ الْوَاقِدِىُّ عَنْ اَبِىْ مَعْشَرٍ عَنْ مُحَمَّدِ ابْنِ قَيْسٍ )

''વાકિદી અને સઅદ બિન ઝુહરીએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ સોમવારના દિવસે રબીઉલ અવ્વલની બે રાતો પસાર થયા પર.''

## ત્રીજુ મંતવ્ય

**★ રસૂલુલ્લાહ ﷺની વફાત ૧૦ રબીઉલ અવ્વલે થઈ ★**

**عَنْ اِبْنِ عَبَّاسٍ وَمَاتَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَوْمَ الاِثْنَيْنِ لِعَشَرٍ خَلَوْنَ مِنْ رَبِيْعِ الاَوَّلِ۔**

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ સોમવારના દિવસ રબીઉલ અવ્વલના દસ દિવસ પસાર થયા પર વફાત પામ્યા.'' *(અલ્ બિદાયા વન્નિહાયા)*

## ચોથુ મંતવ્ય

**★ રસૂલુલ્લાહ ﷺની વફાત ૧૨ રબીઉલ અવ્વલે થઈ ★**

''રસૂલુલ્લાહ ﷺની વફાત ૧૨ રબીઉલ અવ્વલે થઈ. આ કથન મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક઼નું છે.'' *(અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ, પારા, પેજ–૨૫૪, ૨૫૫, ૨૫૬)*

ઉપરોક્ત વર્ણન થએલ ઈમામોના કથનો આપણે જોયાં જેમાં રસૂલુલ્લાહ ﷺના સંબંધે અમુક ઈમામોએ ફર્માવ્યું કે આપ ﷺની વફાતની તારીખ ૧૨ રબીઉલ અવ્વલ છે, અમુક ઈમામોએ ફર્માવ્યું, કે આપ ﷺની વફાતની તારીખ ૨ રબીઉલ અવ્વલ છે, અમુક ઈમામોએ ફર્માવ્યું કે વફાતની તારીખ ૧૦ રબીઉલ અવ્વલ છે.

મુહમ્મદ બિન ઈસ્હાક઼ની એક રિવાયતમાં રસૂલુલ્લાહ ﷺની વફાત ૧૨ રબીઉલ અવ્વલે થઈ.

પરંતુ ઉપરોક્ત રિવાયતો પઢીને એ વાત સ્પષ્ટ થઈ ગઈ

કે કેવળ એક રિવાયતમાં ૧૨ રબીઉલ અવ્વલને વફાતની તારીખ બતાવવામાં આવી છે અને આઠ રિવાયતો તેના વિરૂધ્ધ છે. હવે મશ્હૂર સીરતનિગાર ઈમામ અબુલ કાસિમ સુહેલી رحمۃ اللہ علیہનો ફૈસ્લા સાંભળો. આપ ફર્માવે છે :–

لَايُتَصَوَّرُ وُقُوعُ وَفَاتِهِ عَلَيهِ السَّلَامُ يَوْمَ الاِثْنَيْنِ ثَانِى عَشَرَ رَبِيعِ الاَوَّلِ مِنْ سَنَةِ اِحْدٰى عَشَرَ وَ ذٰلِكَ لِاَنَّهُ عَلَيهِ السَّلَامُ وَقَفَ فِى حَجَّةِ الوِدَاعِ سَنَةَ عَشَرَ يَومَ الجُمُعَةِ فَكَانَ اَوَّلُ ذِىْ الْحَجَّةِ يَومَ الْخَمِيسِ فَعَلٰى تَقْدِيرٍ اَنْ تُحْسَبَ الشُّهُوْرُ تَامَّةً اَوْ نَاقِصَةً اَوْ بَعْضُهَا تَامٌّ وَ بَعْضُهَا نَاقِصٌ لَا يُتَصَوَّرُ اَنْ يكُوْنَ يَوْمُ الْاِثْنَيْنِ ثَانِىْ عَشَرَ رَبِيعِ الْاَوَّلِ۔

"રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની વફાત ૧૨ રબીઉલ અવ્વલે કોઈ પણ સંજોગમાં સહહી નથી થઈ શકતી, કારણ કે એ વાત નિશ્ચિત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની વફાત રબીઉલ અવ્વલ હિ.સ. ૧૧ સોમવારે થઈ અને હિ.સ. ૧૦ ની હજ્જ એટલે કે હજ્જતુલ વિદાઅ જુમ્આના દિવસે થઈ."

તો આ હિસાબથી ઝુલ્હિજ્જાની પહેલી જુમેરાત આવે છે. તેની આગળ રબીઉલ અવ્વલ સુધી સર્વ મહીને ત્રીસ દિવસ અને અમુક ઓગણત્રીસ દિવસના તો કોઈ પણ રીતે ૧૨ રબીઉલ અવ્વલે સોમવારનો દિવસ થઈ જ નથી શકતો."

જેથી ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ ગયું કે હુઝૂર صلی اللہ علیہ وسلمની વફાત રબીઉલ અવ્વલની બીજી કોઈ પણ તારીખે હોય પણ ૧૨ રબીઉલ અવ્વલે હરગિઝ નથી થઈ શકતી, કારણ કે આ કોઈ પણ હિસાબે બરાબર નથી.

# ૧૨ રબીઉલ અવ્વલ વિસાલનો દિવસ નથી

દેવબંદી મોલ્વીઓના ગુરૂ અશ્રફ અલી થાન્વી ''નશ્રૂત્તિબ''ના પેજ–૨૦૩ પર લખે છે :–

''અને વફાત આપની શરૂ રબીઉલ અવ્વલ સન દસ હિજરી સોમવારના દિવસે ઝવાલ પહેલાં કે ઝવાલ પછી થઈ.'' ત્યાર પછી હાશિયા પર લખ્યું છે :

''અને તારીખની તેહકીક ન થઈ. ૧૨મી મશ્હૂર છે તે હિસાબ બરાબર નથી થતો કારણ કે તે વરસે ઝુલ્હિજજાની નવમી (તારીખ) જુમ્આ હતી અને વફાતનો દિવસ સોમવાર સાબિત છે તો જુમ્આના દિવસે નવમી ઝુલ્હિજજા થઈને ૧૨ રબીઉલ અવ્વલ સોમવારે કોઈ પણ રીતે નથી શકતી.''

આ તેહકીકથી વિરોધીઓનું એ કહેવું ગલત સાબિત થયું કે ૧૨ રબીઉલ અવ્વલે હુઝૂર ﷺની વફાતના કારણે સહાબાએ કિરામ ગમગીન હતા.

અને એ પણ સાબિત થયું કે ૧૨ રબીઉલ અવ્વલ સર્વાનુમતે વફાતનો દિવસ નથી. અલ્બત્ત ૧૨ રબીઉલ અવ્વલના યૌમે વિલાદત (જન્મ દિવસ) હોવા પર અધિકતમ ઉમ્મતની સહમતિ છે. જમહૂર મુહક્કિકીન, ઈતિહાસકારો અને અધિકતમ ઉમ્મતની સહમતિ છે કે હુઝૂર ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલ સોમવારના દિવસે છે.

વિલાદત અને વિસાલ વિશે ભલે રિવાયતોમાં મતભેદ છે પરંતુ અત્યંત મશ્હૂર કથન પ્રમાણે સર્વ મુસલમાનોના નજીક સહાબાએ કિરામના જમાનાથી લઈને આજ સુધી ૧૨ રબીઉલ અવ્વલ જ યૌમે વિલાદત છે.

## ૧૨ રબીઉલ અવ્વલ વિલાદતની તારીખ હોવા વિશે હવાલા

### ★ હઝરત ઈમામ બયહક઼ી, ઈમામ ક઼ુસ્તલાની અને મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના કથનો ★

ઈમામ અબૂ બક્ર અહમદ બિન હુસૈન બયહક઼ી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ દલાઈલુન્નુબુવ્વતમાં ફર્માવે છે :–

**وُلِدَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَوْمَ الْاِثْنَيْنِ عَامَ الْفِيْلِ لِاِثْنَتَىْ عَشَرَةَ لَيْلَةً مَضَتْ مِنْ شَهْرِ رَبِيْعِ الْاَوَّلِ۔**

"રસૂલે કરીમ ﷺની વિલાદત, સોમવારના દિવસે આમ્મુલ ફીલ (અબરહાને તેના લશ્કર સાથે અબાબીલ વડે નાબૂદ કરી દેવામાં આવ્યો હતો જેનો ઉલ્લેખ સૂરએ અલમ તર કયફમાં છે, એ વર્ષને આમ્મુલ ફીલ કહેવામાં આવે છે)માં માહે રબીઉલ અવ્વલ ૧૨માં રાત પસાર થયા પર થઈ."

આ જ રીતે ઈમામ અહમદ ક઼ુસ્તલાની رحمۃ اللہ علیہ ઝરક઼ાની અલલ્ મવાહિબે ભાગ–૧, પેજ ૧૩૨ પર ફર્માવે છે :–

**وَالْمَشْهُوْرُ اَنَّهٗ ﷺ وُلِدَ يَوْمَ الْاِثْنَيْن ثَانِىْ عَشَرَ رَبِيْعُ الْاَوَّلِ وَعَلَيْهِ اَهْلُ مَكَّةَ قَدِيْماً وَّ حَدِيْثاً وَ فِىْ زِيَارَتِهِمْ مَوْضَعُ مَوْلِدِهٖ فِىْ هٰذَا الْوَقْتِ۔**

"મશહૂર કથન આ જ છે કે સોમવારના દિવસે ૧૨ રબીઉલ અવ્વલે હુઝૂર ﷺની વિલાદત થઈ, આ જ વાત પર સર્વ મક્કાવાળાઓ આગલા પાછલા સહમત છે, કારણ કે તેઓ આજ સુધી ૧૨ રબીઉલ અવ્વલે હુઝૂર ﷺના જન્મ સ્થળની ઝિયારત કરે છે."

હુઝૂર ﷺની વિલાદત મક્કા શરીફમાં થઈ એટલા માટે વિલાદતની તારીખ વિશે તેમની વાતને અગ્રતા આપવી બુધ્ધિના બિલ્કુલ યોગ્ય છે.

હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ મદારિજુન્નુબુવતમાં સૌથી પહેલાં આ કથન વર્ણન કર્યું છે કે આપ ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલે થઈ. અમુક બીજા કથનો વર્ણન કર્યા પછી ફર્માવે છે :–

**قول اول اشہر و اکثر است و عمل اہل مکہ بر یں است،زیارت کردن ایشاں موضع ولادت را دریں شب و خواندن مولود۔**

"અધિકતમ મુસલમાનોના નજીક અત્યંત મશહૂર પહેલું કથન જ છે (કે આપ ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલે થઈ અને મક્કાવાળાઓનો અમલ આના પર જ છે કે તેઓ ૧૨ રબીઉલ અવ્વલની રાતે હુઝૂર ﷺના જન્મ સ્થળની ઝિયારત કરે છે અને તે રાતે મૌલૂદ ખ્વાની (મહેફિલે મીલાદ) કરે છે."

હવે વાંચકો ખુદ ફેંસલો કરે કે વિલાદતની તારીખ વિશે મક્કા શરીફ વાસીઓની વાત ભરોસાપાત્ર છે કે દેવબંદ, નદવા તથા કંથારીયા કે ડાભેલવાળાઓની ?!

## ★ મુસ્લિમ શરીફની એક હદીષ જુઓ ! ★

હુઝૂર ﷺ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો આપે યહૂદીઓને જોયા કે તેઓ દસ મુહર્રમના રોઝા રાખે છે. આપે ફર્માવ્યું કે તમે આ તારીખે રોઝો કેમ રાખો છો ? તેમણે કહ્યું કે આ તે દિવસ છે જે દિવસે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને ફિરઔનથી નજાત આપી હતી અને ફિરઔન ડૂબી

ગયો હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અય લોકો વધુ હક્કદાર છીએ, માટે અમે પણ એ તારીખનો રોઝો રાખીશું. જેથી આપ ﷺએ યહૂદીઓમાં પ્રચલિત તારીખના પ્રમાણે હઝરત મૂસા عليه السلامના વિજયોનો દિવસ મનાવ્યો. *(મુસ્લિમ શરીફ)*

ઉપરોક્ત હદીષથી સાબિત થયું કે કોઈ બુઝુર્ગનો દિવસ મનાવ્યો હોય તો તેમના અનુયાયીઓમાં જે તારીખ પ્રચલિત હોય તે જ તારીખને મનાવવી જોઈએ. આ સંદર્ભમાં હુઝૂર ﷺતો યહૂદીઓના પ્રચલિત હોવાને પણ પૂરતુ જાણે છે પરંતુ મીલાદના વિરોધીઓ મુસલમાનોમાં પ્રચલિત હોવાને પણ પૂરતુ નથી સમજતા અને રસૂલુલ્લાહ ﷺની હદીષના ઉઘાડા વિરોધ છતાં પણ પોતાને અહલે હદીષ કહેવા પર હઠધર્મી કરે છે. (અહો આશ્ચર્યમય !)

૧૨ રબીઉલ અવ્વલે વિલાદતે રસૂલ ﷺ હોવાનું આમ જ પ્રચલિત નથી થયું. જુઓ ! :–

**وَقِيْلَ اثْنَتَیْ عَشَرَةَ خَلَتْ مِنْهُ نَصَّ عَلَيْهِ ابْنُ اِسْحَاقَ۔**

"હુઝૂર ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલે હોવા પર ઈબ્ને ઈસ્હાકે નસ્સ કરી છે." *(અલ્ બિદાયા વન્નિહાયા,ભાગ–૨, પેજ–૨૬૦)*

**عَنْ اِبْنِ عَبَّاسٍ وَجَا بِرٍ اَنَّهٗ وُلِدَ عَلَيْهِ السَّلَامُ فِیْ الثَّانِیْ عَشَرَ مِنْ رَبِيْعِ الْاَوَّلِ يَوْمَ الْاِثْنَيْنِ۔**

"હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલે થઈ."

મક્કાવાસીઓ તો કહે છે કે વિલાદતે રસૂલ ﷺ ૧૨

રબીઉલ અવ્વલે થઈ અને આપ ﷺનાં ઘરવાળાંઓ પણ કહે છે કે વિલાદત ૧૨ રબીઉલ અવ્વલે થઈ પરંતુ વિરોધીઓ જીદ અને હઠધર્મીથી કામ લે છે. અલ્લાહ તઆલા તેમને હિદાયત અતા ફર્માવે.

## વધુ હવાલા જોઈએ !

- ❑ અલ્લામા મુહમ્મદ બિન જરીર તિબ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺની વિલાદત સોમવારના દિવસે ૧૨ રબીઉલ અવ્વલે થઈ. *(તારીખે તિબ્રી, ૩/૩૩૯)*
- ❑ અલ્લામા મુહમ્મદ બિન ઈસ્હાક઼ મત્લબી رحمۃ اللہ علیہ કહે છે કે હુઝૂર ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલ આમ્મુલ ફીલમાં સોમાવારના દિવસે થઈ. *(સીરતે ઈબ્ને હિશામ, ૧/૧૫૩)*
- ❑ તારીખે ઈબ્ને ખલ્લદૂન ૧/૨૮૯માં છે કે હુઝૂર ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલે આમ્મુલ ફીલમાં તે સમયે થઈ જ્યારે નૌશેરવાંની હુકૂમતનું ચાલીસમું વર્ષ હતું.
- ❑ હઝરત મૌલાના અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **ولادت وے ﷺ روز دو شنبه دوازدهم ربیع الاول-** "હુઝૂર ﷺની વિલાદત સોમવારના દિવસે ૧૨ રબીઉલ અવ્વલે થઈ." *(શવાહિદુન્નુબુવ્વત–૨૨)*
- ❑ ઈસ્આફુર્રાગ઼િબીન બર હાશિયાએ નૂરૂલ અબ્સાર ૧/૬ મિસરમાં છે કે હુઝૂર ﷺની વિલાદત સોમવારના દિવસે ૧૨ રબીઉલ અવ્વલે સવારના સમયે થઈ.
- ❑ અજાઈબુલ ક઼સસ (અલ્લામા અબ્દુલ વાહિદ હન્ફી) પેજ નં. ૨૩૭ (નવલ કિશોર પ્રકાશિત)માં છે કે હુઝૂર ﷺની વિલાદત ૧૨ રબીઉલ અવ્વલ સોમવારના દિવસે થઈ.

❑ કિતાબ સીરતે પાક પ્રકાશિત ઈદારા મત્બૂઆતે પાકિસ્તાનના પેજ નં. ૧૭૫માં છે કે :–

"એ સહી છે કે રબીઉલ અવ્વલમાં જ હુઝૂર ﷺની વફાત થઈ અને રબીઉલ અવ્વલમાં જ વિલાદત થઈ. વિલાદતની તારીખમાં મતભેદ છે. છતાં ૧૨મીએ વિલાદતની તારીખ માની લેવામાં આવે તો કોઈ તારીખી બુરાઈ લાઝિમ નથી આવતી. પરંતુ ૧૨મીએ વફાત માનવુ તો અકલન અને નકલન (બૌદ્ધિક રીતે અને ઉલમા વગેરેના કથનોની રોશનીમાં) દરેક રીતે ગલત છે."

## અહલે હદીષના મોલ્વીઓ નજીક વિલાદતની તારીખ ૧૨ રબીઉલ અવ્વલ છે

❑ ગૈર મુક઼લ્લિદો (અહલે હદીષ)ના ગુરૂ નવાબ સિદ્દીક઼ હસન ભોપાલીએ પોતાની કિતાબ "અશ્શમામતુલ અંબિયા"માં પેજ નં. ૭માં લખ્યું છે :–

વિલાદત શરીફ, મક્કા મુકર્રમામાં તુલૂએ ફજરના સમયે, સોમવારના દિવસે, ૧૨ મી રાત્રે રબીઉલ અવ્વલ, આમ્મુલ ફીલમાં થઈ. જમ્હૂર ઉલમાનો ક઼ૌલ આ જ છે. ઈબ્ને જવઝીએ આના પર સહમતિ વર્ણન કરી છે.

## દેવબંદી મૌલ્વીઓના નજીક વિલાદતની તારીખ ૮ અથવા ૧૨ રબીઉલ અવ્વલ છે

મૌલ્વી અશ્રફી અલી થાન્વી (દેવબંદી) પોતાની કિતાબ નશરુત્તીબ, સાતમી ફસ્લમાં લખે છે :–

"યવમે તારીખ બાબતે સૌની સહમતિ છે કે સોમવારનો

દિવસ હતો અને તારીખમાં મતભેદ છે ૮ મી છે યા ૧૨ મી !''

આગળ આપણે જોયું કે ૧૨ રબીઉલ અવ્વલે રસૂલુલ્લાહ ﷺની વફાત નથી થઈ માટે સહાબાએ કિરામ અને અહલે બૈતે એઝામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ રબીઉલ અવ્વલે ન તો શોક વ્યક્ત કર્યો છે ન રુદન કર્યું. આવો ! હવે જોઈએ કે ૧૨ રબીઉલે કોણે રુદન કર્યું હતું ?!

ઈમામ અબુલ ક઼ાસિમ સુહૈલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઈબ્લીસ ચારવાર રડયો છે.

**حِيْنَ لُعِنَ وَحِيْنَ اُهْبِطَ وَحِيْنَ وُلِدَ رَسُوْلُ اللّٰهِ ﷺ وَحِيْنَ نُزِلَتْ فَاتِحَةُ ۔**

પહેલીવાર જ્યારે તેના પર લઅનત કરવામાં આવી અને પછી (બીજીવાર) જ્યારે તેને ધૂત્કારવામાં આવ્યો અને પછી (ત્રીજીવાર) જયારે હુઝૂર ﷺની વિલાદત થઈ અને (ચોથીવાર) જ્યારે સૂરએ ફાતિહા નાઝિલ કરવામાં આવી. *(અલ્ બિદાયા વન્નિહાયા, ૨/૨૬૬)* આ જ રિવાયત ખસાઈસે કુબ્રા, ૧/૧૧૦માં પણ મૌજૂદ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما જેઓ હુઝૂર ﷺના ખાનદાનના સભ્ય અને પિતરાઈ ભાઈ છે. તેઓ ફર્માવે છે, ૧૨ રબીઉલ અવ્વલ હુઝૂર ﷺની વિલાદત થઈ અને ઈમામે સુહૈલી અને બીજા મુહદ્દિષો ફર્માવે છે કે હુઝૂર ﷺની વિલાદતના દિવસે શયતાન રડયો હતો.

હવે ૧૨ રબીઉલ અવ્વલને સોગનો દિવસ કહી સોગમાં શરીક થનારા ખુદ સોચી લે કે તેઓ કોના સોગમાં શરીક થાય છે ?!

બીજી રીતે જો માની લેવામાં પણ આવે કે ૧૨ રબીઉલ અવ્વલ હુઝૂર ﷺની વફાતનો દિવસ છે તો પણ આ દિવસે જુલૂસ અને મહેફિલે મીલાદ મનાવવામાં કોઈ વાંધો નથી. કારણ કે અલ્લાહ તબારક વ તઆલાના મક઼્બૂલ બંદાઓના વિસાલનો દિવસ ખુશી અને ઉર્સનો દિવસ હોય છે, કારણ કે તેઓ આ દુનિયાના કૈદખાનાથી નીકળીને પોતાના હક઼ીક઼ી મહબૂબ અલ્લાહ તઆલાથી મળે છે. માટે મહબૂબથી મળવાના દિવસે ખુશી હોય છે ન કે ગમ.

એ પણ હોય શકે છે કે વફાત અને વિસાલ એક જ દિવસે હોવામાં એ હિકમત હોય કે રસૂલુલ્લાહ ﷺના આશિક઼ો માટે એ દિવસે રંજો ગમનો નાશ અને ખુશી તથા પ્રસન્નતાની અધિક્તા થાય.

અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

حَیَاتِیْ خَیْرٌ لَّکُمْ وَ مَمَاتِیْ خَیْرٌ لَّکُمْ۔ "મારું જાહેરી જીવન પણ તમારા માટે ભલાઈ છે અને મારી વફાત પણ તમારા માટે ભલાઈ છે." *(મુસ્નદે બઝ્ઝાઝ, ક઼ાઝી અયાઝ)*

સાબિત થયું કે ઉમ્મતના હક઼્ક઼માં હુઝૂર ﷺની વિલાદત અને વફાત બંને રહમત છે. હવે જોવાનું એ છે કે બંનેવમાં મોટી રહમત કઈ છે ?! તો જાહેર છે કે આપ ﷺની વિલાદત ઉમ્મત માટે સૌથી મહાન રહમત અને નેઅમત છે, માટે તેનો જ હુકમ ગાલિબ રહેશે. કારણ કે આપના વિસાલથી ઉમ્મતની સાથે આપનો સંબંધ ખત્મ નથી થતો બલ્કે આપનો ફયઝાન ક઼યામત સુધી જારી છે.

હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ શરહે શિફામાં ફર્માવે છે :–

**لَیۡسَ هُنَاكَ مَوۡتٌ وَلَا وَفَاتٌ بَلۡ اِنۡتِقَالٌ مِّنۡ حَالٍ اِلٰی حَالٍ**

"હુઝૂર ﷺના બારામાં મૃત્યુ અને જીવનનો સામાન્ય અર્થ મુરાદ નથી બલ્કે એક હાલતથી બીજી હાલત તરફ જવું મુરાદ છે."

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે શરીઅતે બાળકની પયદાઈશના અવસરે અલ્લાહ તબારક વ તઆલાના શુક્ર અને ખુશી વ્યક્ત કરવા માટે અક઼ીદાનો હુકમ આપ્યો છે, પરંતુ મૃત્યુ સમયે આવી કોઈ વસ્તુનો હુકમ નથી આપ્યો.

**عَلٰی اَنَّهٗ مُحسنٌ فِی هٰذَا الشَّهۡرِ اِظۡهَارَ الفَرۡحِ بِوِلَادَتِهٖ ﷺ**
**دُوۡنَ اِظۡهَارِ الحُزۡنِ فِیۡهِ بِوَفَاتِه**

તદ્ઉપરાંત હુઝૂર ﷺની વિલાદતની ખુશી વ્યક્ત કરવી આ મહિનામાં બેહતર છે આ મહિનામાં આપ ﷺની વફાતનો ગમ મનાવવો મુસ્તહસન નથી. *(અલ્હાવી લિલ્ ફતાવા)*

## યવમે વિલાદતને યવમે ઈદ કહેવું દુરૂસ્ત છે

મીલાદના વિરોધીઓ અવામને એ રીતે ગેરમાર્ગે દોરવાની કોશિશ કરે છે કે ઈસ્લામમાં માત્ર બે જ ઈદો ઈદુલ ફિત્ર અને ઈદુલ અદ્હા છે, તો આ ત્રીજી ઈદ, ઈદે મીલાદુન્નબી ક્યાંથી આવી ?

એમના આ ધોકાનો સંપૂર્ણ જવાબ જુઓ :–

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં છે કે જ્યારે આયત **اَلۡیَوۡمَ اَکۡمَلۡتُ لَکُمۡ دِیۡنَکُمۡ** "આજે મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો." *(સૂરએ માઈદહ્, ૬/૩)* તો એક યહૂદીએ અમીરુલ મો'મિનીન સૈયદોના ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہથી

કહ્યું કે જો આ આયત અમારા પર નાઝિલ થાત તો અમે એના નાઝિલ થવાના દિવસે ઈદ મનાવતા.

قَالَ عُمَرُ قَدْ عَرَفْنَا ذَالِكَ الْيَوْمَ وَ الْمَكَانَ وَ اَشَارَ عُمَرُ اَنَّ ذٰلِكَ الْيَوْمَ كَانَ عِيْدًا

"હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમને એ દિવસ ખબર છે (તે દિવસ જુમ્આ અને અરફાનો હતો અને સ્થળ અરફાતનું હતું) હઝરત ઉમર رضی اللہ عنہ એ જાણે નિર્દેશ કર્યો કે તે દિવસ સાચે જ અમારા માટે ઈદનો દિવસ છે."

✪ તે દિવસે અમારી બે ઈદો ભેગી હતી, (જુમ્આ અને અરફા હજ્જનો દિવસ)

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, અરફાતમાં તે દિવસે પાંચ ઈદો ભેગી થઈ ગઈ હતી, જુમ્આ, અરફા, યહૂદીઓની ઈદ, ઈસાઈઓની ઈદ, મજૂસીઓની ઈદ.

✪ હઝરત ઈમામ અહમદ બિન મુહમ્મદ કુસ્તલાની મિસ્રી ફર્માવે છે કે :–

"દરેક જુમ્આ મુસલમાનોની ઈદ એટલા માટે છે કે આ દિવસે હઝરત આદમ علیہ السلام પેદા થયા."

(فَمَا بَالُ السَّاعَةِ الَّتِیْ وُلِدَ فِیْهَا سَیِّدُ الْمُرْسَلِیْنَ) તો જે ઘડી સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلم પેદા થયા તો તે દિવસના ઈદ હોવામાં શું શક છે ?!

તો માલૂમ થયું કે ઈદુલ ફિત્ર અને ઈદુલ અદ્‌હા સિવાય હજ્જનો દિવસ, ૧૨ રબીઉલ અવ્વલનો દિવસ અને જુમ્આનો દિવસ મુસલમાનોની ઈદો છે. અને જરા વિચારો કે માત્ર જુમ્આ વરસમાં બાવન વાર થયા બાકી બે ઈદો ઈદુલ ફિત્ર અને ઈદુલ

અદ્‌હા, હજ્જના દિવસો, ૧૨ રબીઉલ અવ્વલનો દિવસ મિલાવીને વરસમાં મુસલમાનોની લગભગ ૫૬ ઈદો થાય છે. વિરોધીઓ બીચારા માત્ર બે ઈદો લઈને બેઠા છે ! પરંતુ અહીંયાં મામલો જ ઉલટો છે.

### ★ પૂર્વગ્રહથી અલગ થઈને વિચારો ! ★

કે હઝરત ઈસા عليه السلام એ દુઆ માગી હતી :–

**رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَاءِ تَكُوْنُ لَنَا عِيْداً لِاَوَّلِنَا وَ اٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ.....الخ**

"હે અમારા રબ ! અમારા પર આકાશમાંથી એક ભરેલો થાળ ઉતાર કે તે અમારા માટે ઈદ બને, અમારા આગલા પાછલાઓની અને તારા તરફથી નિશાની." *(સૂરએ માઈદહ, ૭/૧૧૪)*

ઉલમાએ ઉસૂલે એક કાયદો બયાન કર્યો છે કે કુર્આને પાક આગળની ઉમ્મતોના જે કિસ્સા આપણા માટે બયાન કરે અને તેને રદ ન કરે તો તે કિસ્સો આપણા માટે હુજ્જત (દલીલ) છે. *(નૂરુલ અન્વાર, હસ્સામી)*

**માટે.....**

સંપૂર્ણ દલીલના રૂપે સાબિત થયું કે જો બની ઈસ્રાઈલ ખાણુ મળવાના દિવસને ઈદ કહી શકે છે તો મુસલમાનો પણ મહબૂબે ખુદા صلى الله عليه وسلم ની આમદના દિવસને ઈદ કહી શકે છે.

શું ખાણુ મળવાની ખુશી રસૂલે પાક صلى الله عليه وسلم ની વિલાદતની ખુશીથી અધિક છે ?! **فَاِلَى اللّٰهِ الْمُشْتَكٰى**

જો કોઈ એ વાંધો ઉઠાવે કે ઈસા عليه السلام ની શરીઅત મન્સૂખ થઈ ગઈ છે, તેના પર કયાસ કરવો યોગ્ય નથી તો અમારો

જવાબ એ છે કે હઝરત ઈસા عليه السلام ની દુઆ ઈખ્બાર[1] ના પ્રકારમાંથી છે અને નસ્ખ ઈન્શા[2]માં થાય છે ઈખ્બારમાં નહીં. *(કુતૂબે ઉસૂલો તફસીર)* માટે એ મન્સૂખ નથી. (તો સમજો અને વિચારો !)

બીજી રીતે વિરોધીઓ પાસે તેના મન્સૂખ હોવાની કોઈ દલીલ નથી, જો હોય તો રજૂ કરે. જો તમે સાચા હોવ તો પોતાની દલીલ રજૂ કરો !

## ★ મેહફિલે મીલાદની અસલ હૈસિયત ★

મેહફિલે મીલાદની અસલ હૈસિયત એ છે કે કુર્આનની તિલાવત, નઅતખ્વાની સિવાય હુઝૂર ﷺની વિલાદતનું ઝિક્ર થાય છે, આપ ﷺના ફઝાઈલ બયાન કરવામાં આવે છે, ઈસ્લામની તા'લીમાત પર તકરીરો થાય છે, સલાતો સલામ થાય છે. અને રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમનો શરીઅતમાં હુકમ છે જેમ કે કુર્આનમાં છે : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ ''અને રસૂલની ઈજ્જત અને સન્માન કરો !'' *(સૂરએ ફત્હ, ૨૬/૯)*

સાહિબે રૂહુલ બયાન આ આયતના સંબંધે ફર્માવે છે :–

وَمِنْ تَعْظِيْمِهٖ ﷺ عَمَلُ الْمَوْلِدِ..... الخ ''મીલાદ મનાવવું હુઝૂર ﷺની તા'ઝીમમાં દાખલ છે.''

અમુક લોકો કહે છે કે અમે મીલાદને તો શરીઅતથી સાબિત માનીએ છે, પરંતુ હાલની મીલાદના સ્વરૂપ અને તરીક઼ા પર અમને વાંધો છે.

તો એમના માટે અરજ છે કે જે વસ્તુની અસલ શરીઅતથી

*૧. જે વાતમાં સત્ય અને જૂઠની સંભાવના હોય.*

*૨. જે વાતમાં સત્ય અને જૂઠની સંભાવના ન હોય.*

સાબિત હોય અને તેનો ખાસ તરીકો કુર્આન હદીષમાં મૌજૂદ હોય તો તે કોઈ મુબાહ તરીક઼ાના આવી જવાથી મના નહીં થઈ શકે.

ઘણી બધી વસ્તુઓ એવી છે જે પોતાના હાલના સ્વરૂપમાં હુઝૂર ﷺ અથવા સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ના જમાનામાં ન હતી બલ્કે ત્યાર પછી જાહેર થઈ, પરંતુ આજે સર્વ મુસલમાનો તેમને સારી સમજે છે. જેમ કે....

(૧) પાકી મસ્જિદો, ઊંચા મીનારા અને મહેરાબો. (૨) દીની મદરસા અને તેમના તા'લીમી નિસાબ (કોર્સ) (૩) કુર્આની આયતો પર ઝબર, ઝેર, પેશ વગેરે એઅ્રાબ, સિપારા, રુકૂઅ અને થોભવાની નિશાનીઓ. (૪) મુસાફિરખાના (૫) હદીષની કિતાબો, સનદો, પ્રકારો (૬) રૂખ્સત વેળા મુસાફો (૭) અઝાન માટે ઊંચી જગા (૮) તક઼રીર વગેરેનો પ્રચલિત તરીક઼ો જેમ કે પરચા, સ્ટેજ, લાઉડ સ્પીકર વગેરેથી ગાવાના અંદાજમાં અને અમુક મહિના, દિવસના ચિલ્લા કરાવીને વગેરે (૯) સીરત કોન્ફ્રન્સો (૧૦) રાજકીય અથવા દીની રેલીઓ (યવમે શૌકતે ઈસ્લામ, ગિલાફે કા'બા, નિઝામે મુસ્તફા ﷺના જુલૂસ) (૧૧) નમાઝમાં ઝબાનથી નિય્યત કરવી (૧૨) ઝકાતમાં આજના સિક્કા, નોટો આપવી (૧૩) હવાઈ જહાઝથી હજ્જ કરવી (૧૪) તદવીને કુતૂબ વ તરતીબે દલાઈલ (૧૫) તરીક઼તના ચારેવ સિલસિલાઓના અમલો, મુરાક઼બા, વઝીફાઓ અને ઝિક્રના પ્રકારો (૧૬) શરીઅતના ચારેવ સિલસિલા અને તેમના ઈજતેહાદી કારનામાંઓ વગેરે.

તો મીલાદના વિરોધીઓ જે દલીલથી ઉપરોક્ત વર્ણન થયેલ સર્વ બાબતોને જાઈઝ, સહીહ અને મુસ્તહસન કહે છે.

જ્યારે કે આ સર્વ બાબતો નબવી યુગમાં ન હતી તો શું એ જ દલીલથી મેહફિલે મીલાદ અને જુલૂસનું સહી હોવું સાબિત નથી થતું. (જ્યારે કે તેહક્ીક્ી દલીલો રજૂ કરી દેવામાં આવી છે.)

ઈલ્મે ઉસૂલનો ક્ાયદો છે જેને ઈમામ શામી અને ઈબ્ને હુમામ વગેરેએ બયાન કર્યો છે :–

**اَلْمُخْتَارُ عِنْدَ الْجَمْهُوْرِ مِنَ الشَّافِعِيَّةِ وَ الْحَنْفِيَّةِ اَنَّ الْاَصْلَ فِيْ الاَشْيَاءِ الْاِبَاحَةُ۔**

''જમ્હૂર શાફઈઓ અને હનફીઓના નજીક એ છે કે સર્વ ચીજોમાં અસલ મુબાહ હોવું અને જાઈઝ હોવું છે.''

જેમ કે મિર્ક્ાત શરહે મિશ્કાત અને અશિઅ્તુલ લમ્આતમાં પણ આમ જ છે.

તો સાબિત થયું કે જે વસ્તુની મનાઈ શરીઅતથી સાબિત થઈ જાય તો મના અને હરામ છે અને જે વસ્તુની મનાઈ પર શરઈ દલીલ ન હોય તે જાઈઝ અને મુબાહ છે.

તો જે વ્યક્તિ જે વસ્તુ અથવા કાર્યને નાજાઈઝ, હરામ યા મકરૂહ કહે છે તેના પર વાજિબ છે કે તે પોતાના દાવા પર શરઈ દલીલ રજૂ કરે, અને જાઈઝ તથા મુબાહ કહેવાવાળાઓને હરગિઝ દલીલ આપવાની જરૂર નથી, કારણ કે એ વસ્તુની મનાઈ પર શરઈ દલીલ ન હોવું જ દલીલ માટે પૂરતુ છે.

જામેએ તિર્મિઝી અને સુનને ઈબ્ને માજામાં હઝરત સૈયદોના સલમાન ફારસી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

**اَلحلاَلُ مااَحَلَّ اللّٰهُ فِيْ كِتَابِهٖ وَالْحرَامُ ما حَرَّمَ اللّٰهُ فِيْ كِتَابِهٖ وَ ما سَكَتَ عَنْهُ فَهُوَ مِمَّا عَفَا عَنْه۔**

''હલાલ તે છે જેને અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની કિતાબ (કુર્આન)માં હલાલ કર્યું અને હરામ તે છે જેને અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની કિતાબ (કુર્આન)માં હરામ કર્યું, અને જેના પર ખામોશી ફર્માવી તે અલ્લાહ તરફથી માફ છે, તેના પર કરવા પર કોઈ ગુનોહ નથી.''

આ હદીષની રોશનીમાં સાબિત થયું છે કે જે બાબતોમાં સુન્નીઓ અને દેવબંદીઓ વચ્ચે મતભેદ છે જેમ કે મીલાદ શરીફ, જુલૂસ, ક઼યામ, સલામ વગેરે નાજાઈઝ હોવા પર અમારે કોઈ દલીલ આપવાની કોઈ જરૂર નથી, શરીઅતથી મનાઈ સાબિત ન હોવી જ અમારા માટે દલીલ છે.

માટે અહલે સુન્નતથી દલીલ માગવી વિરોધીઓની જહાલત અને બેઈલ્મી છે. અમે કહીએ છે કે તમે તો મીલાદ અને જુલૂસને નાજાઈઝ, હરામ અને બિદઅતે સૈયિઅહ્ કહો છો તમે સાબિત કરો કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ ક્યાં નાજાઈઝ અને હરામ ફર્માવ્યું છે ?! અને જો સાબિત ન કરી શકો અને ઈન્શાઅલ્લાહ ! હરગિઝ ! સાબિત નહીં કરી શકો, તો યાદ રાખો કે તમે અલ્લાહ અને રસૂલ પર જૂઠ થોપ્યું છે.

હદીષો અને ઉલમાએ ઈસ્લામની તા'લીમાતની રોશનીમાં એ જરૂર નથી કે દરેક નવી વસ્તુ બિદઅત હોય બલ્કે દીનમાં કોઈ નવી વસ્તુ ઉમેરવી બિદઅત છે.

હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

مَنْ اَحْدَثَ فِیْ اَمْرِنَا هٰذَا مَا لَیْسَ مِنْهُ فَهُوَرَدٌّ۔

''જેણે અમારા દીનમાં કોઈ નવી વાત ઉપજાવી જે દીનથી નથી, તો તે મરદૂદ (અસ્વીકાર્ય ) છે.''

આ હદીષમાં હુઝૂર ﷺએ ખાસ કરીને તે જ વાતને અસ્વીકાર્ય ફર્માવી જે દીનના વિરુદ્ધ હોય, દરેક નવી વાતને મના ન ફર્માવી, જો આપ દરેક નવી વાતને નાપસંદ ફર્માવતા તો "જે દીનમાંથી ન હોય"નો વધારો ન ફર્માવતા.

અમુક નાસમજ લોકો કહે છે કે દરેક વાત ભલે દીનથી વિરુદ્ધ હોય કે ન હોય સર્વ મના છે, એ સદંતર ગલત છે.

હક઼ીક઼ત એ છે કે જે નવી વાત દીન વિરુદ્ધ હોય તે મના છે અને જે નવી વાત દીન વિરુદ્ધ ન હોય બલ્કે દીન માટે સહાયરૂપ હોય તે હરગિઝ મના નથી બલ્કે તેના પર હુઝૂર ﷺએ અજર અને સવાબનો વાયદો ફર્માવ્યો છે. આપ ﷺએ ફર્માવ્યું :–

مَنْ سَنَّ فِی الْاِسْلَامِ سُنَّةً حَسَنَةً فَعُمِلَ بِهَا بَعْدَهٗ كُتِبَ لَهٗ

مِثْلُ اَجْرِ مَنْ عَمِلَ بِهَا۔

"જેણે ઈસ્લામમાં કોઈ સારો તરીક઼ો જારી કર્યો પછી તેના બાદ લોકોએ તે તરીક઼ા પર અમલ કર્યો તો તેને તે તરીક઼ા પર અમલ કરવાવાળા બરાબર સવાબ મળશે."

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી "ફૈસલએ હફ્ત મસ્અલા"માં ફર્માવે છે : "ઈન્સાફ એ છે કે બિદઅત એને કહે છે કે જે દીનમાં ન હોય તેને દીનામાં દાખલ કરી લેવામાં આવે."

વિરોધીઓ જો ઉમ્મતના અકાબિર ઉલ્માની સ્પષ્ટ વાતોને નથી માનતા તો કમ સે કમ પોતાના પીરો મુર્શિદ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી رحمۃ اللہ علیہની વાત તો માની લે !

**છેલ્લી વાત.....**

અલ્હમ્દુલિલ્લાહ ! મીલાદ શરીફના મસ્અલા પર કુર્આન, હદીષ, સહાબા, તાબઈન, ઉલ્મા તથા મુહદ્દિષોના કથનો અને

ઉમ્મતના અમલથી મજબૂત દલીલો બયાન કરવામાં આવી. ઉમ્મીદ છે કે વાંચકોને આનાથી દિલી સંતોષ મળશે અને વિરોધીઓની ફેલાયેલી ગલતફહેમીઓ દૂર થઈ જશે. (ઈન્શાઅલ્લાહ !)

ઈદે મીલાદુન્નબી ﷺની ઈસ્લામી અને શરઈ હૈસિયતના સંબંધે અમારું મંતવ્ય એ છે કે, મીલાદ શરીફનું વર્ણન કુર્આનો હદીષની રોશનીમાં પસંદીદા છે. સહાબાએ કિરામ અને પૂર્વજ બુઝુર્ગાને દીનથી, ''મીલાદ શરીફ''ની હૈસિયત અને વાસ્તવિક ઈબાદત સાબિત છે, કોઈ મુબાહ સ્વરૂપ અથવા તરીકાના લીધે તેને બિદઅત નહીં કશી શકાય, ખાસ કરીને જ્યારે કે મીલાદની મહેફિલો અને જુલૂસોનો હેતુ દીનની તબ્લીગ અને સીરત તથા મો'જિઝાઓનું વર્ણન હોય આ અમલ ન કેવળ જાઈઝ બલ્કે મુસ્તહસન થઈ જાય છે. તદ્ ઉપરાંત આ એક ઔતિહાસિક હકીકત છે કે શરૂઆતથી લઈને આજ સુધી ઉમ્મતના મહાન ઉલ્માની સ્પષ્ટ બહુમતિ મીલાદના અમલ પર સહમત રહી છે. અને ઈસ્લામના ઈમામો પોતાના કથન અને અમલ દ્વારા તેની સહમતિ કરતા રહ્યા છે.

અહલે સુન્નત વ જમાઅતના ભાઈઓથી વિનંતિ છે કે મીલાદુન્નબી ﷺ જેવા મુબારક પ્રસંગમાં જે બાબતો ઈસ્લામમાં નાજાઈઝ તથા હરામ છે, જેમ કે વાજિંત્રો, બેન્ડ બાજાની ધમાલ, ડાન્સ તથા સ્ત્રી પુરૂષોની ભેળસેળ, ફટાકડા ફોડવું....વગેરેથી દૂર રહે, તેમજ જે ભાઈઓ અમામા, ટોપીઓ કાઢીને ઔરતો જેમ વાળોને વિંઝોટીને ડાન્સ કરતા હોય તેમ ઝુમવા લાગે છે અને કહે છે કે એમને વજદ આવી જાય છે, તો આવી બાબતોમાં બનાવટ તથા અતિશયોક્તિથી બચે. વજદ તો એવો હોય છે કે તેમના પર તલ્વાર ચાલે તોય ખબર ન પડે !

જ્યારે અહીં અનેક લોકો દેખાદેખી વજદના બહાને ડાન્સની જેમ ઝુમવા લાગે છે ! તો આવા ઢોંગથી દૂર રહે અને અહલે સુન્નતને બદ્‌નામીથી બચાવે.

## ★ મુબાહ અને મુસ્તહબ બાબતો ★

- ✪ કુર્આનની તિલાવત
- ✪ નઅતે સરવરે કાઈનાત ﷺ
- ✪ સલાતો સલામ અને કયામ
- ✪ તવહીદો રિસાલત, સીરત તથા મીલાદના વિષય પર કુર્આનો હદીષની રોશનીમાં ઉલમાના બયાનો
- ✪ હુઝૂર ﷺની વિલાદતના મુસ્તનદ પ્રસંગો અને દૂધ પીવાના જમાનાના સહી હાલાતનું બયાન અને ઈસાલે સવાબ.
- ✪ હદીષમાં વર્ણન થયેલ દુઆઓ તથા અન્ય દુઆઓ
- ✪ કુર્આનના હુકમ فَبِذَٰلِكَ فَلْيَفْرَحُوا...الخનાં પ્રમાણે ખુશી વ્યક્ત કરવી અને ખુશી વ્યક્ત કરવા સદક઼ા તથા દઅવતો કરવી.
- ✪ રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ અને સુન્નતની પાબંદી.
- ✪ મસ્જિદો અને મીલાદની મહેફિલોને ઝિક્ર રસૂલ ﷺની તા'ઝીમની નિય્યતે રોશની અને ખુશ્બૂ વગેરેથી શણગારવી.
- ✪ સાફ અને નવાં કપડાં પહેરવાં, લોકોને ખાવા ખવડાવવું અને પાણી પીવડાવવું.
- ✪ મીલાદની ખુશીમાં સોમવારના દિવસે અથવા અન્ય દિવસોમાં નફલી ઈબાદતો જેમ કે રોઝા, સદક઼ા, ખયરાત વગેરે કરવા.
- ✪ તથા અન્ય નેક કાર્યો કરવા. અલ્લાહ તઆલા આપણને નેક તૌફીક઼ અતા ફર્માવે.

## ★ નાપસંદીદા બાબતો ★

- ✪ મીલાદના ઝિક્ર માટે ૧૧મી, ૧૨ મી તારીખોને જ શરીઅતની રૂએ ખાસ અને મસ્નૂન સમજવું અને બીજા દિવસોમાં નાજાઈઝ સમજવું.
- ✪ રિયાકારી અને દેખાવા માટે આ મહેફિલો કરવી.
- ✪ ફુઝૂલખર્ચી કરવી.
- ✪ સ્ત્રીઓ અને પુરૂષોની ભેળસેળવાળી બેપર્દા મહેફિલોનું આયોજન કરવું.
- ✪ મનઘડત અને બનાવટી કિસ્સા બયાન કરવા.
- ✪ જલ્સા અને જુલૂસોમાં બેન્ડ બાજા, ઢોલ તમાશા તથા આજની પ્રચલિત કવ્વાલી, ધાંધલ ધમાલ વગેરે.
- ✪ તથા અન્ય ખુરાફાત અને બિદઅતો.

અલ્લાહ તબારક વ તઆલા આપણને એનાથી બચાવે.

## ★ જરૂરી ગુઝારિશ ★

અહલે સુન્નતના ઉલમા તથા મશાઈખ અને આમ મુસલમાનોની ખિદમતમાં ગુઝારિશ છે કે મીલાદ શરીફના જલ્સા અને જુલૂસોને શરીઅત અને સુન્નતની રોશનીમાં મનાવે અને આ પવિત્ર અમલ જેની બુનિયાદ ઈશ્કે રસૂલ ﷺ પર છે તેને દરેક પ્રકારની બિદઅત અને શરીઅત વિરુદ્ધ કાર્યોથી પાક રાખવા માટે અમલી જેહાદ કરે અને એ હકીકતનું એલાન કરે કે ગેર શરઈ હરકતો અને અન્ય ખુરાફાત કરનારાઓ ધિક્કાર અને નફરતને પાત્ર છે અને અમે તેમના નાપસંદીદા કૃત્યોની કોઈ જવાબદારી અમે નથી સ્વીકારતા.

## શું તમે સુન્ની છો અને તમારે ત્યાં "કન્ઝુલ ઈમાન" નથી !!

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની નૂરાની કલમે કલામુલ્લાહનો ઉર્દૂમાં સર્વશ્રેષ્ઠ તર્જુમો તથા સદરૂલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીની લખેલ તફસીર એટલે....

# કન્ઝુલ ઈમાન

## વ ખઝાઈનુલ ઈરફાન

(ગુજરાતીમાં)

**હદીયો** : ૩૫૦/– રૂ. (ટપાલ ખર્ચ : ૫૦/–)

**ગુજરાતી અનુવાદક** : મર્હૂમ મૌલાના હસન આદમ કોલનવી સાહબ (ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)

આ અણમોલ તોહફો આપના ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને તમારુ પુત્રીઓ–બહેનોને શાદીઓમાં ભેટ રૂપે જરૂરથી આપો.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

**C/o.** ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧